પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૫૯ • કુલ પાના : ૪ • તારીખ : ૦૧-૦૩-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## LPG સિલિન્ડરથી લઈને બેંકિંગ સેવાઓની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યા : માર્ચમાં મોટા ફેરફાર થશે



નવીદિલ્હી,

દર મહિનાના પ્રથમ દિવસે, આવા ઘણા ફેરફારો જોવા મળે છે જે તમારા ખિસ્સાની સાથે રોજિંદા જીવનને પણ અસર કરે છે. આ અંતર્ગત એલપીજી સિલિન્ડરથી લઈને બેંકિંગ સેવાઓની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ વખતે પણ ગેસ સિલિન્ડરની કિંમતમાં ફેરફારની શક્યતા છે. આ સિવાય માર્ચ ૨૦૨૨માં કેટલાક અન્ય ખાસ ફેરફારો થવાના છે જેની સીધી અસર તમારા પર પડશે.

નોંધનીય છે કે એલપીજી સિલિન્ડરની કિંમત દર મહિનાની પહેલી તારીખે નક્કી કરવામાં આવે છે. ગેસની કિંમતો સામાન્ય માણસના રસોડા સાથે સીધી રીતે સંકળાયેલી હોવાથી લોકોની નજર તેના પર સૌથી વધુ હોય છે. તાજેતરના કેટલાક મહિનાઓથી એલપીજીની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી, તેથી તેની કિંમતમાં ૧ માર્ચ, ૨૦૨૨ ના રોજ ફેરફારની અપેક્ષા છે. તે જોવાનું રસપ્રદ રહેશે કે ૧ માર્ચે સિલિન્ડરની કિંમતોમાં વધારો થાય છે કે પછી તેની કિંમતો સ્થિર રહે છે.

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકે તેના ડિજિટલ બચત ખાતા માટે ક્લોઝર ચાર્જ વસૂલવાનું શરૂ કર્યું છે. જો તમારું ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકમાં બચત ખાતું છે, તો તમારે આ ચાર્જ ચૂકવવો પડશે. આ ચાર્જ ૧૫૦ રૂપિયા હશે અને જીએસટી અલગથી ચૂકવવો પડશે. તમને જણાવી દઈએ કે બેંક તરફથી આ નવો નિયમ ૫ માર્ચ, ૨૦૨૨થી લાગુ કરવામાં આવશે.

૨૮ ફેબ્રુઆરી એ પેન્શનરો માટે જીવન પ્રમાણપત્રો સબમિટ કરવાની છેલ્લી તારીખ છે. એટલે કે માર્ચ મહિનાથી આ સરકાર દ્વારા આપવામાં આવેલી આ છૂટ સમાપ્ત થઈ જશે. નોંધનીય છે કે સતત પેન્શન મેળવવાનું ચાલુ રાખવા માટે, પેન્શનધારકોએ ૧ માર્ચ પહેલા એટલે કે આજ સુધી સમયસર તેમનું જીવન પ્રમાણપત્ર જમા કરાવવું જરૂરી છે. જણાવી દઈએ કે સામાન્ય રીતે જીવન પ્રમાણપત્ર સબમિટ કરવાની છેલ્લી તારીખ દર વર્ષે ૩૦ નવેમ્બર હોય છે, પરંતુ સરકારી પેન્શનધારકોને મોટી રાહત આપતા આ વર્ષે બે વાર તારીખ લંબાવવામાં આવી હતી.જો જીવન પ્રમાણપત્ર સમયમર્યાદા પહેલાં સબમિટ કરવામાં નહીં આવે, તો પેન્શન બંધ થઈ જશે. આવી સ્થિતિમાં, તમે ઘરે બેઠા પણ જીવન પ્રમાણપત્ર જમા કરાવી શકો છો. આ માટે તમારે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ જનરેટ કરવાનું રહેશે.

આરબીઆઈએ ડિજિટલ પેમેન્ટમાં મોટા ફેરફારો માટે તૈયારી કરી લીધી છે. માલિકીના ઊઈ કોડ વપરાશકર્તાઓ એક અથવા વધુ ઈન્ટરઓપરેબલ ઊઈ કોડ પર જશે. આ ટ્રાન્સફર પ્રક્રિયા ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવી આવશ્યક છે. આ સાથે, રિઝર્વ બેંકે કહ્યું કે કોઈપણ પીએસઓ કોઈપણ પેમેન્ટ ટ્રાન્ઝેક્શન માટે કોઈ નવો માલિકી કોડ રજૂ કરશે નહીં.

બેંકોના એટીએમમાં કેશ ભરવાના નિયમો માર્ચમાં બદલાવા જઈ રહ્યા છે. નોંધપાત્ર રીતે, ભારતીય રિઝર્વ બેંકએ બેંકો માટે છ્સ્માં રોકડ ભરવા માટે માત્ર લોકેબલ કેસેટનો ઉપયોગ લાગુ કરવાની છેલ્લી તારીખ માર્ચ ૨૦૨૨ સુધી લંબાવી છે. હાલમાં, મોટાભાગના એટીએમ (ઓટોમેટેડ ટેલર મશીન)માં રોકડ ઓપન કેશ ટોપ-અપ દ્વારા અથવા સ્થળ પર જ મશીનમાં કેશ કરીને ભરવામાં આવે છે. એટીએમમાં રોકડ વિતરિત કરવાની હાલની પ્રણાલીને દૂર કરવા માટે, આરબીઆઈએ બેંકોને એ સુનિશ્ચિત કરવા માટે નિર્દેશ આપ્યો છે કે એટીએમમાં રોકડની ભરપાઈ કરતી વખતે ફક્ત લોક કરી શકાય તેવી કેસેટ્સનો ઉપયોગ કરવામાં આવે.

## યુધ્ધ : સમગ્ર સંજોગોને ધ્યાનમાં રાખીને અમે મતદાનથી દૂર રહેવાનો ભારતે નિર્ણય લીધો છે



નવીદિલ્હી,

ભારતે યુએનએસસીમાં પ્રક્રિયાગત મતદાનથી દૂર રહી. પરંતુ ૧૫માંથી ૧૧ સભ્યોએ યુએન જનરલ એસેમ્બલીમાં યુક્રેન યુદ્ધ પર ઈમરજન્સી બેઠક બોલાવવાની તરફેણમાં મતદાન કર્યું હતું. ૧૧ સભ્યોએ તરફેણમાં મત આપ્યા બાદ સોમવારે યુએનજીએમાં કટોકટી સત્ર બોલાવવાનો માર્ગ મોકળો થયો છે.નોંધપાત્ર રીતે, પાંચ સ્થાયી સભ્યો સાથે, ૧૦ બિન-સ્થાયી સભ્યોએ પણ યુએનએસસીના વિશેષ સત્રમાં હાજરી આપી હતી. ભારત, ચીન, યુએઈ સહિત ત્રણ દેશોએ મતદાન કરવાનું ટાળ્યું હતું. રશિયાએ તેની વિરુદ્ધ મતદાન કર્યું. ભારતના પ્રતિનિધિ ટી.એસ. તિરુમૂર્તિએ કહ્યું કે સમગ્ર સંજોગોને ધ્યાનમાં રાખીને અમે મતદાનથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે "કુટનીતિ અને સંવાદના માર્ગ પર પાછા ફરવા સિવાય કોઈ વિકલ્પ નથી."

ભારતના પ્રતિનિધિ ટીએસ તિરુમૂર્તિએ યુએનએસસીમાં બેઠકમાં જણાવ્યું હતું કે અમારા વડા પ્રધાને રશિયા, યુક્રેનના નેતૃત્વ સાથેની તેમની તાજેતરની વાટાઘાટોમાં "સંવાદમાં પાછા ફરવાની" ભારપૂર્વક હિમાયત કરી છે. તિરુમૂર્તિએ યુએનએસસીને જણાવ્યું હતું કે સરહદ પારની જટિલ અને અનિશ્ચિત સ્થિતિએ ભારતીયોના સ્થળાંતરના પ્રયાસો પર પ્રતિકૂળ અસર કરી છે. લોકોની સરળ અને અનુમાનિત હિલચાલ જાળવવી મહત્વપૂર્ણ છે. આ એક તાત્કાલિક માનવ જરૂરિયાત છે જેને તાત્કાલિક સંબોધવામાં આવવી જોઈએ. યુક્રેનમાં હજુ પણ ફસાયેલા મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ સહિત ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુરક્ષા અંગે અમે ખૂબ જ ચિંતિત છીએ.

યુએનએસસીમાં પ્રક્રિયાગત મતદાન દરમિયાન, ટીએસ તિરુમૂર્તિએ રશિયા અને યુક્રેનના રાષ્ટ્રપતિઓ સાથે વડા પ્રધાન મોદીની વાતચીતનો ઉલ્લેખ કર્યો અને રાજદ્વારી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે કહ્યું કે "અમે બેલારુસ સરહદ પર વાતચીત કરવા માટે બંને પક્ષો દ્વારા આજની જાહેરાતનું સ્વાગત કરીએ છીએ." નોંધનીય છે કે યુએનએસસીમાં, યુક્રેન પર રશિયાના હુમલા સામે પશ્ચિમી દેશો દ્વારા નિંદા પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. આ ઠરાવને ૧૧ દેશોએ ટેકો આપ્યો હતો, જ્યારે ભારત સહિત ત્રણ દેશો આ પ્રસ્તાવ પર વોટિંગમાં ગેરહાજર રહ્યા હતા. પરંતુ યુદ્ધમાં થયેલા મૃત્યુ વચ્ચે ભારતે પ્રથમ વખત વોટ ન આપવાના નિર્ણય અંગે ખુલાસો જાહેર કર્યો અને ખેદ વ્યક્ત કર્યો. ભારતે સ્પષ્ટ કર્યું હતું કે તે યુક્રેનમાં થયેલા વિનાશથી ખૂબ જ ચિંતિત છે અને રાજદ્વારીનો માર્ગ વહેલો છોડી દેવાનો અફસોસ છે.

ભારત વતી વોટ ન આપ્યા બાદ આ પ્રકારનું નિવેદન આપવાને રશિયા સામે નારાજગી વ્યક્ત કરવા સાથે જોડવામાં આવી રહી છે. જો કે રશિયાને નારાજ ન કરવા માટે અમેરિકાએ પણ ભારતની સ્થિતિ સમજવાની વાત કરી હતી.

## ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૨ માર્ચથી શરૂ થશે



ગાંધીનગર,

ગુજરાતમાં ૨ માર્ચથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર મળવા જઈ રહ્યું છે, અને ૩ માર્ચે ભુપેન્દ્ર પટેલ સરકારનું પહેલું બજેટ રજૂ થશે. વિધાનસભાના સત્રની તૈયારી માટે આજે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળશે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, જીતુ વાઘાણી હાજર રહેશે. વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવા, શૈલેષ પરમાર સહિતના આગેવાન હાજર રહેશે. બજેટ સત્રના કામકાજ અંગે બેઠકમાં ચર્ચા થશે. રાજ્યપાલના સંબોધન સાથે સત્રની શરૂઆત થશે.

આગામી ૩ માર્ચે બજેટ રજૂ થવા જઈ રહ્યું છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૩૧ માર્ચ સુધી કાર્યરત રહેશે. ૧૨૧ દિવસના શાસનની ઉજવણી કરનાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનું વર્ષ ૨૦૨૨-૨૩ માટેનું બજેટ સત્ર ૨જી માર્ચના બુધવારથી શરૂ થશે, જે ૩૧મી માર્ચ સુધી ચાલશે. ૩જી માર્ચે નાણામંત્રી કનુભાઈ દેસાઈ નવી સરકારનું પ્રથમ બજેટ રજૂ કરશે.

વર્તમાન સરકાર પોતાના પ્રથમ બજેટમાં શિક્ષણ, આરોગ્ય, સામાજિક ન્યાય અધિકારીતા, કૃષિ વિભાગના બજેટમાં વધારો કરે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. ગુજરાતમાં ૩ માર્ચે રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ પ્રથમ બજેટ રજૂ કરશે. આ વખતના બજેટ સત્રમાં શનિ-રવિવારની ૮ રજાઓ ઉપરાંત ૧૮મી માર્ચે હોળીની રજા સહિતના ૯ દિવસને બાદ કરતાં બાકી રહેતાં ૨૨ દિવસ માટે આ સત્ર કામ કરશે. જેમાં પથી ૮ જેટલી ડબલ બેઠકો પણ યોજાશે.

ગાંધીનગર વિધાનસભામાં રાજ્યપાલના સંબોધન સાથે ૨ માર્ચના રોજ વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. ત્યારબાદ સદ્‌ગત ધારાસભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. બજેટ સત્રના બીજા દિવસે એટલે કે ૩ માર્ચે નાણાં મંત્રી વિધાનસભામાં ૨૦૨૨-૨૩નું બજેટ રજૂ કરશે. ૨૨ દિવસ સુધી ચાલનારા આ બજેટ સત્રમાં શિક્ષણ, આરોગ્ય, સામાજિક ન્યાય અધિકારીતા, કૃષિ વિભાગના બજેટમાં વધારો કરાશે. અંદાજ પત્ર પર ૪ દિવસ સુધી વિધાનસભામાં ચર્ચા ચાલશે. જ્યારે રાજ્યપાલના સંબોધન પર ૩ દિવસ તેમજ પૂરક માંગણીઓ પર બે દિવસ ચર્ચા ચાલશે. જોકે આ બજેટ સત્ર દરમિયાન વિપક્ષ કોંગ્રેસ દ્વારા સરકારને વિવિધ મુદ્દાઓ પર ભીંસમાં લેવાનો પ્રયાસ કરવામાં આવશે. જેના કારણે આ સત્ર તોફાની બને તેવી શક્યતા જોવામાં આવી રહી છે. અંદાજ પત્રની માંગણીઓ પર ચર્ચા માટે ૧૨ દિવસ સુધી ચર્ચા ચાલશે. સરકારી વિધેયકો પર ૪ દિવસ ચર્ચા ચાલશે. આ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાયદાઓમાં જરૂરિયા મુજબના સંશોધક વિધેયકો પસાર કરાવવામાં આવશે. ત્યારબાદ ૩૧ માર્ચે છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરીને બજેટ સત્રનું સમાપન કરવામાં આવશે.

## ભારતીય વિદ્યાર્થીને પરત લાવવા ચાર મંત્રીઓ યુક્રેનના પાડોશી દેશમાં જશે

નવીદિલ્હી,

યુક્રેનમાં રશિયાના આક્રમણથી સર્જાયેલી કટોકટીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સતત બીજા દિવસે હાઈલેવલ મીટીંગમાં આ યુદ્ધગ્રસ્ત દેશમાં ફસાયેલા ૧૫૦૦૦થી વધુ વિદ્યાર્થી સહિતના ભારતીયો માટે ગંભીરતાપૂર્વક ચિંતા શરુ કરી છે અને પાંચ કેન્દ્રીય મંત્રીઓને યુક્રેનની આસપાસના દેશોમાં કેમ્પ કરીને તેઓ તમામ ભારતીયોની સલામત વાપસી માટે કાર્ય કરશે તે નિર્ણય લેવાયો છે. મોદીએ ગઈકાલે રાત્રે ઉતરપ્રદેશના પ્રવાસેથી પરત આવ્યા બાદ તુર્ત જ પરીસ્થિતિની સમીક્ષા કરી હતી અને આજે સવારે ફરી એક વખત ઉચ્ચ કક્ષાની બેઠક બોલાવી હતી અને એવો નિર્ણય લેવાયો છે કે કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી હરદીપસિંઘ પુરી નાગરિક ઉડ્ડયન મંત્રી જયોતીરાદીત્ય સિંધીયા, કાનુન મંત્રી કિરણ રીજજુ, રાજયકક્ષાના મંત્રી જનરલ (નિવૃતિ) વી.કે.સિંઘ, યુક્રેનની નજીકના દેશોમાં જશે અને ત્યાં તેઓ યુક્રેન ખાતેના ભારતના ખાસ પ્રતિનિધિ તરીકે કામ કરશે. અહીની સરહદ પર આવતા ભારતીય વિદ્યાર્થીઓ તથા અન્ય નાગરિકોને સલામત રીતે ભારત પરત લાવવાની વ્યવસ્થા જોશે. મોદીએ જણાવ્યું હતું કે, દરેક ભારતીય જે યુક્રેનમાં ફસાયા છે તેને સલામત પરત લાવવાની જવાબદારી સરકારની છે અને તે પુરી કરવા જઈ રહી છે. ગઈકાલે જ વડાપ્રધાને એક હાઈલેવલ મીટીંગ કરી હતી. જેમાં વિદેશમંત્રી એસ.જયશંકર, વિદેશ સચીવ હર્ષવર્ધન શ્રૃંગલા, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલ તથા કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા અને બાદમાં આજે સવારે આ નિર્ણય લેવાયો છે અને મંત્રીઓ આજે કોઈપણ સમયે પોલેન્ડ સહિતના દેશોમાં જવા રવાના થઈ જશે. યુક્રેનમાં યુદ્ધના વાતાવરણ વચ્ચે બેલારૂસમાં રશિયા સાથે વાટાઘાટ શરુ થતા જ પાટનગર કિવમાં જે વિકએન્ડ કર્ફ્યુ હતો તે દુર કરાયો છે અને અહી ફસાયેલા ભારતીય સહિતના વિદ્યાર્થીઓને નજીકના રેલ્વે સ્ટેશન પહોંચી જવા સૂચના આપવામાં આવી છે અને ત્યાંથી ખાસ ટ્રેનો દોડાવાશે. કિવ ખાતેના ભારતીય દૂતાવાસે આ માહિતી આપી હતી. માનવામાં આવે છે કે આ ટ્રેન પોલેન્ડ સુધી જશે અને ત્યાંથી વિમાન માર્ગે વિદ્યાર્થીઓને ભારત પરત લવાશે. આમ ખાસ ટ્રેન દોડવાથી વિદ્યાર્થીઓ ઝડપથી યુક્રેનમાંથી બહાર નીકળી શકશે. આ ઉપરાંત યુક્રેનના અનેક શહેરોમાં ફસાયેલા ભારતીયોને બસ મારફત પણ પોલેન્ડ લઈ જવામાં આવી રહ્યા છે.

## શિક્ષકો રાજ્યભરમાં આંદોલન કરવાની તૈયારી કરી રહ્યા છે




ગાંધીનગર,

રાજ્યમાં પહેલી એપ્રિલ ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષકો-કર્મચારઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવ્યો નથી. જે ખૂબ અન્યાયકર્તા છે. તેથી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા જૂની પેન્શન યોજના ફરી ચાલુ કરવા માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ છે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ મુખ્યમંત્રીને આપેલા આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી છે કે, દેશમાં ૧ એપ્રિલ ૨૦૦૫થી જૂની પેન્શન યોજના બંધ કરી, નવી પેન્શન યોજના અમલી બનાવી છે.જૂની પેન્શન યોજના ચાલુ કરાવવા માટે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષણ સંઘ, દિલ્હી દ્વારા દેશભરમાં આંદોલન અને ધરણા પ્રદર્શન કરવામાં આવ્યા છે. અન્ય રાજ્યમાં ૧લી એપ્રિલ ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા અને ૨૦૦૫ પછી પુરા પગારમાં આવેલા શિક્ષકોને જૂની પેન્શન યોજના આપવામાં આવેલી છે. જ્યારે ગુજરાતમાં ૧લી એપ્રિલ ૨૦૦૫ પહેલા નિમણૂક પામેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવ્યો નથી. જે શિક્ષકો-કર્મચારીઓને અન્યાયકર્તા છે.

પડોશી રાજ્ય રાજસ્થાન સરકાર જૂની પેન્શન યોજના આપવાની જાહેરાત કરતી હોય તો પ્રગતિશીલ, વિકાસશીલ, વિકાસ મોડેલ એવા રાજ્યમાં કે જ્યાંથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા હોય તે ગુજરાતમાં શિક્ષકો સહિત તમામ કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળે તેવી તાત્કાલિક જાહેરાત કરવા વિનંતી છે. જો સરકાર જૂની પેન્શન યોજના લાગુ નહીં કરે તો આગામી દિવસોમાં રાજ્યવ્યાપી આંદોલન કરવામાં આવશે.

## જાહેર ક્ષેત્રની નબળી બૅંકોને ૧૫,૦૦૦ કરોડ મળશે

નવીદિલ્હી,

સેન્ટ્રલ બૅંક ઑફ ઈન્ડિયા તથા પંજાબ ઍન્ડ સિંધ બૅંક જેવી જાહેર ક્ષેત્રની નબળી બૅંકોને આધાર આપીને સધ્ધર બનાવવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકાર ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું ધરખમ ભંડોળ ફાળવશે. કેન્દ્ર સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં સરકારી માલિકીની બૅંકો માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ રકમ સંબંધિત બૅંકોને રોજિંદી વ્યવસ્થાપન અને નિયમનની જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદરૂપ થશે. ગયા નાણાકીય વર્ષમાં નોન-ઈન્ટરેસ્ટ બૅરિંગ બૉન્ડ્સ દ્વારા નાણાં પ્રાપ્ત કર્યા હોય, એવી બૅંકોને ૧૫,૦૦૦ કરોડની રકમનો લાભ મળશે. કારણ કે રિઝર્વ બૅંકે નોન-ઈન્ટરેસ્ટ બૅરિંગ બૉન્ડ્સ જેવા ફાઈનાન્શિયલ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ બાબતે આશંકાઓ વ્યક્ત કરી હતી. રિઝર્વ બૅંકે જણાવ્યા પ્રમાણે ગયા વર્ષે આવી બૅંકો માટે ઝીરો કુપન બૉન્ડ્સ દ્વારા ફાળવાયેલી રકમની હાલની નેટ વેલ્યુ એ વખતની ફેસ વેલ્યુથી ઓછી છે, કારણ કે એ બૉન્ડ્સ ડિસ્કાઉન્ટ પર ઈશ્યૂ કરવામાં આવ્યા હતા.

## યુક્રેનના શહેર બન્યા યુદ્ધના મેદાન, પાંચ મોટા શહેરોમાં આમને-સામનેની જંગ જામ્યો



કીવ,

રશિયા અને યુક્રેન વચ્ચે જંગનો આજે પાંચમો દિવસ છે. યુક્રેનની રાજધાની કીવ પર કબજાને લઈને જંગ ચાલી રહી છે. યુક્રેનના શહેરો પર રશિયન સેનાના મિસાઈલ હુમલા ચાલુ છે. આ ઉપરાંત, યુક્રેનના રસ્તાઓ પર રશિયન ટેંક અને બખ્તરબંદ વાહન દોડી રહ્યાં છે. જો કે ૪ દિવસ પસાર થઈ ગયા બાદ પણ યુદ્ધ હજુ સુધી કોઈ અંજામ પર નથી પહોંચ્યુ. રશિયાએ દાવો કર્યો છે કે તેણે અત્યાર સુધીમાં ૩૧ એરક્રાફ્ટ, ૪૬ રોકેટ આર્ટિલરી સિસ્ટમ, ૧૦૩ આર્ટિલરી ગન અને મોર્ટન્સ ઉપરાંત યુક્રેનની ૨૫૪ ટેક્ક અને બખ્તરબંધ વાહનોનો નાશ કર્યો છે. તે જ સમયે, યુક્રેને અત્યાર સુધીમાં ૪,૫૦૦ રશિયન સૈનિકોને માર્યા હોવાનો દાવો કર્યો છે. તેણે એવો પણ દાવો કર્યો છે કે તેણે લગભગ ૧૫૦ રશિયન ટેક્ક, ૭૦૦ સૈન્ય વાહનો, ૬૦ ફ્યૂલ ટેક્ક અને ૨૬ હેલિકોપ્ટરનો નાશ કર્યો છે.રશિયા અને યુક્રેન વચ્ચે ૨૪ ફેબ્રુઆરીના રોજ યુદ્ધ શરૂ થયું હતું. બંને તરફથી અત્યાર સુધી અનેક દાવા કરવામાં આવ્યા છે. આજે સવારે કિવ અને ખારકિવમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા છે. સંયુક્ત રાષ્ટ્રે પણ કિવમાં રેડિયોએક્ટિવ વેસ્ટ ડિસ્પોઝલ સાઈટ પર મિસાઈલ હુમલાની માહિતી આપી છે. યુદ્ધના ૫મા દિવસે પણ યુક્રેનના ઘણા મોટા શહેરોમાં બંને દેશોની સેનાઓ વચ્ચે સંઘર્ષ ચાલુ છે.

કિવ પર કબજો મેળવવા માટે રશિયા અને યુક્રેનની સેના સામસામે છે. આજે ફરી કિવમાં હવાઈ હુમલાનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મતલબ કે કિવ પર મિસાઈલ હુમલો અથવા હવાઈ હુમલો થઈ શકે છે. નાગરિકોને શેલ્ટરમાં જવા માટે અપીલ કરવામાં આવી છે. રશિયન સેનાએ કિવને ચારે બાજુથી ઘેરી લીધું છે. કિવના મેયર વિટાલી ક્લિટ્સ્કોએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે રશિયા ઘેરાયેલા હોવાથી કિવમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો નથી. તેમણે કહ્યું કે હવે અહીંથી નાગરિકોને બહાર કાઢવાનો કોઈ રસ્તો નથી. દરમિયાન, રશિયાએ પણ કિવને કબજે કરવા માટે વધારાના સૈનિકો મોકલવાનું શરૂ કર્યું છે. સેટેલાઈટ ઈમેજમાં સેંકડો સૈન્ય વાહનો ઈવાક્રીવ શહેરથી કિવ તરફ જતા જોવા મળે છે. પશ્ચિમી દેશોની ગુપ્તચર માહિતી અનુસાર, યુક્રેનની કાર્યવાહીને કારણે કિવને કબજે કરવાની રશિયાની રણનીતિ અત્યાર સુધી નિષ્ફળ રહી છે. આટલું જ નહીં રોડ બ્લોક અને પુલ તૂટવાને કારણે રશિયન સૈનિકોની સપ્લાય પણ પ્રભાવિત થઈ છે.

ખારકિવ યુક્રેનનું કિવ પછી બીજું સૌથી મોટું શહેર છે. અહીં પણ રશિયન અને યુક્રેનિયન દળો વચ્ચે કબજાને લઈને સંઘર્ષ ચાલી રહ્યો છે. ખારકિવમાં આજે સવારથી વિસ્ફોટોના અવાજ સંભળાઈ રહ્યા છે. યુક્રેનની રાજ્ય સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે રશિયન સૈનિકોએ ખારકિવમાં નેચરલ ગેસ પાઈપલાઈનને ઉડાવી દીધી હતી, જેના કારણે ઝેરી ધુમાડો ફેલાયો હતો. આ સિવાય સતત બોમ્બ ધડાકા અને ગોળીબારનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે. જો કે ખારકિવના ગવર્નરે શહેરમાં યુક્રેનના સંપૂર્ણ નિયંત્રણનો દાવો કર્યો છે.

યુક્રેનમાં લીવ શહેર પોલેન્ડની સરહદને અડીને આવેલું છે. અહીં પણ રશિયન અને યુક્રેનિયન દળો વચ્ચે સંઘર્ષ ચાલુ છે. લીવના નાગરિકો પણ રશિયન સેનાને જવાબ આપવાની તૈયારી કરી રહ્યા છે. ફ્રેન્ચ મીડિયાએ અહેવાલ આપ્યો છે કે લીવમાં એક બિયર ફેક્ટરીમાં પેટ્રોલ બોમ્બ બનાવવામાં આવી રહ્યા છે. રિપોર્ટ્સ અનુસાર ફેક્ટરીમાં બિયરની બોટલોમાં પેટ્રોલ અને તેલ ભરવામાં આવી રહ્યું છે, જેથી તેનો ઉપયોગ રશિયન સેના વિરુદ્ધ થઈ શકે. જો કે, હજુ સુધી કોઈ મોટા નુકસાનના સમાચાર નથી, પરંતુ લીવથી પરત ફરેલા લોકોનું કહેવું છે કે અન્ય શહેરોની જેમ અહીં પણ સ્થિતિ બગડી રહી છે.રાજધાની કિવથી ૧૫૦ કિમી દૂર ચેરનીહિવમાં પણ લોકો ડરી ગયા છે. વિસ્ફોટ અને ગોળીબારનો સતત અવાજ આવી રહ્યો છે. આજે સવારે રશિયાએ ચેરનીહિવમાં રહેણાંક મકાન પર મિસાઈલ હુમલો કર્યો છે, જેમાં એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. ચેરનીહિવના લોકોને ઘરોની લાઈટ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે જેથી રશિયન સૈનિકોને ખબર ન પડે કે અહીં કોઈ રહે છે. બીજું વિશ્વ યુદ્ધ જોઈ ચૂકેલી ૮૭ વર્ષીય ફેના બાયસ્ટ્રિસ્કાએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે અહીં સતત સાયરન વાગી રહ્યા છે. તેણે કહ્યું કે ઘરોની કાચની બારીઓ સતત હલી રહી છે અને વિસ્ફોટના અવાજ આવી રહ્યા છે.

કિવ અને ખારકિવ જેવા શહેરો ઉપરાંત, રશિયન સૈનિકો દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્થિત શહેરો પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. રશિયા અને યુક્રેન પશ્ચિમમાં ઓડેસા અને પૂર્વમાં મારીયુપોલ શહેરમાં પણ ભારે જંગના સાક્ષી છે. અહીંથી લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. રશિયન સૈન્ય ગોળીબારથી બચવા માટે તેમના ઘર છોડવા માટે મજબૂર કરાયેલા લોકોમાં મારીયુપોલ નિવાસી રુઝાના ઝુબેનકોનો પરિવાર છે. તેમણે જણાવ્યું કે ફાયરિંગથી સમગ્ર વિસ્તારને નુકસાન થયું છે. તેણે કહ્યું કે આ યુદ્ધમાં કોણ જીતે છે અને કોણ નહીં તેની તેને કોઈ પરવા નથી, તેના માટે માત્ર એટલું જ જરૂરી છે કે તેના બાળકો હસતાં હસતાં મોટા થાય.રશિયા સતત યુક્રેન પર હુમલા કરી રહ્યું છે. બીજી તરફ યુક્રેન પણ પાછળ હટવા તૈયાર નથી. આ વચ્ચે એક મોટા અને મહત્વના અહેવાલ સામે આવ્યા છે, જેમાં સ્વીડને યુક્રેન માટે મદદ માટે હાથ લંબાવ્યો છે. સ્વીડને પોતાની ૮૩ વર્ષ જુની કસમને તોડીને યુક્રેનને ૫૦૦૦ એન્ટી ટેક્ક લોન્ચર આપવાની જાહેરાત કરી છે. નિશ્ચિત રૂપે સ્વીડનની પ્રધાનમંત્રી મેગદાલેના એંડરસને આ ઐતિહાસીક નિર્ણય કર્યો છે. પીએમે જણાવ્યું કે તેઓ યુક્રેનને ૫૦૦૦ આર્મર શોટ ૮૬, ૫૦૦૦ સેફ્ટી વેસ્ટ્સ, ૫૦૦૦ હેલમેટ અને ૧,૩૫,૦૦૦ ફીલ્ડ અનાજ આપશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. એ. પટેલીયા

મુ. ચાઠા, તા.ઘોઘંબા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એમ. સી. પટેલ

મુ. પરોલી, તા.ઘોઘંબા, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સ્કુલ આવતી વિદ્યાર્થીનીઓને છેડતી કરનાર રોમીયોગીરી કરતા એક ઈસમને લુણાવાડા શી ટીમે ઝડપી પાડયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા પોલીસ સ્ટેશનની SHE TEAM દ્વારા સ્કૂલની બહાર આવતી જતી વિદ્યાર્થીનીની જાહેરમા રોમીયોગીરી અને છેડતી કરતા ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો. આમ એ ઈસમને ઝડપીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

રાજય સરકાર દ્વારા મહીલાઓની સુરક્ષા બાબતે મહીલાઓ તથા વિદ્યાર્થીનીઓ જાહેર સ્થળો ઉપર સુરક્ષા અનુભવે તેમજ છેડતી, જાતીય સતામણી જેવા ગુન્હા બનતા અટકાવવા અને મહીલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા સુચના કરવામાં આવેલ હોય જે અર્થે પોલીસ અધિક્ષક મહીસાગરનાઓના અધ્યક્ષ સ્થાન હેઠળ તથા નાયબ પોલીસ અધિક્ષક લુણાવાડા વિભાગ ના માર્ગદર્શન હેઠળ જીલ્લાના લુણાવાડા પો.સ્ટે.મા SHE TEAM ની રચના કરવામા આવેલ હતી. જે SHE TEAM દ્વારા સ્કુલ, કોલેજ તથા જાહેર જગ્યાઓએ આવતી જતી વિદ્યાર્થીનીઓ અને મહીલાઓને આડી-અવળી રીતે પજવતા અસામાજીક તત્વો તથા રોમીયોગીરી કરતા ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવામા આવે છે.

આમ આજરોજ સી.ટીમ ના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડ ના સુચન મુજબ પો.સ્ટે.માં કામ કરતા (૧) ASI રવિનાબેન સુકાભાઇ (૨) LRPC ઉર્મિલાબેન ભાણાભાઇ તથા (૪) LRPC ભારતીબેન જયંતીભાઇ ના શાળા કોલજો વિસ્તારમાં પેટ્રોલીંગ કરી વિદ્યાર્થીનીઓને શી ટીમની કામગીરી અંગે જરૂરી સમજ કરતા હોય તે સમય દરમ્યાન એક વિદ્યાર્થીનીએ સ્કુલમાં આવવા જવા દરમ્યાન એક ઈસમ રસ્તામાં ટગર ટગર જોતો હોય અને પીછો કરી રોમીયોગીરી કરતો હોવાની રજુઆત કરતા તે વિદ્યાર્થીનીને વિશ્વાસમાં લઈ આજરોજ લુણાવાડા મોડાસા રોડ રાજસ્થાન દાલબાટી હોટલ પાસે ડીકોઇ ટ્રેપ ગોઠવેલ તે દરમ્યાન એક ઈસમ વિદ્યાર્થીની સામે ટગર ટગર જોતો હોય અને વિદ્યાર્થીનીનો પીછો કરી રોમીયોગીરી કરતો હોય જે ઈસમને SHE TEAM દ્વારા પકડી પાડવામાં આવેલ હતો. આમ ઈસમના ઝડપીને નામઠામની પુછપરછ કરતાં તેણે પોતાનું નામ પારસકુમાર ભાણાભાઇ મકવાણા હોવાનું જણાવેલ હતુ. આમ ઈસમ વિરૂધ્ધમાં લુણાવાડા પો.સ્ટે.ની SHE TEAM દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવી હતી.

# મહીસાગર જિલ્લાના હડમતીયા ગામમાંઆત્મા પ્રોજેક્ટના સહયોગથી કિસાન ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો



લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના હડમતીયાગામ (મલેકપુર)માં સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ(SPNF)અંતર્ગત આત્મા પ્રોજેક્ટના સહયોગથી કિસાન ગોષ્ઠીનું ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે હેતુથી આયોકજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ મહાત્મા પ્રફુલભાઇ સેંજલીયા, SPNFમુખ્ય સંયોજક, ગુજરાત રાજયતેમજ આયુર્વેદ મેડીકલ ઓફિસર, સરકારી આયુર્વેદ હોસ્પિટલ, જી-ભાવનગરવૈદ્ય મહેન્દ્રસિંહ સરવૈયા, તેમજ લુણાવાડાના વૈદ્ય તુષારભાઇ, મહીસાગર જીલ્લાના સન્યોજકો સૈલેષભાઇ, પ્રદિપસિંહ પુવાર, આત્મા પ્રોજેકટના ડીપીડી એન.એમ.પટેલ તેમજ એટીએમ/બીટીએમ હાજર રહીને કાર્યક્રમમાં હાજર રહેલ મોટી સંખ્યામાં ગ્રામજનોને માર્ગદર્શન આપ્યુ હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય આજના યુગમાં જમીન તેમજ ગૌ-વંશ બચાવશું તો જ તેના દ્વારા આખી માનવજાત બચી શકે છે.એ અંતર્ગત પ્રાકૃતિક ખેતી અંગે મહાત્મા પ્રફુલદાદાએ SPNF ના પાયાના ૫(પાંચ) સિધ્ધાંતો સમજાવીને ખેડુતોને પ્રાકૃતિક ખેતી કરવાઅ માટેનો સંકલ્પ લેવડાવ્યો હતો.

તેમણે એવું પણ જણાવ્યું કે રાસાયણીક ખાતર તેમજ દવા વગરના અનિયંત્રિત ઉપયોગથી આપણે આપણી ધરતીમાતાને પ્રદુષિત કરી મૃત પાયે બનાવી દિધી છે. ફરીથી હરીભરી જીવંત બનાવવા માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી એજ વિકલ્પ છે. તેમજ વૈદ્ય મહેન્દ્રસિંહ સરવૈયાએ આયુર્વેદિક માં વનસ્પતિ તેમજ ગાયનું ઉંડાણ પુર્વક મહત્વ સમજાવ્યું હતું. તેમજ કોરોના અને કેન્સર જેવા અસાધ્ય રોગો પણ આયુર્વેદિક પ્રાચીન પધ્ધતિથી સંપુર્ણ ઈલાજ શક્ય છે. અને અન્ય સંધીવા, બ્લડ પ્રેસર, ડાયાબીટીસ, પથરીજેવા રોગોનો સચોટ ઈલાજ જણાવ્યો. અતિથિઓએ આ પ્રકારના કાર્યક્રમમાટે આયોજકોનો આભાર માન્યો હતો.

## ડાયાલીસસ સેન્ટરની માન્યતા નજીકમાં ઉપલબ્ધ થતાં આસપાસના વિસ્તારના

# જરૂરીયાત મંદ દર્દીઓ બહારના સેન્ટરોમાં જવાની મુશ્કેલી વેઠ્યા વગર સારવાર મળતા સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કર્યો



લુણાવાડા, ઘરમાં મોટી બિમારી પ્રવેશ કરે ત્યારે સારવારના ખર્ચ માટે હવે શું કરીશું? તેની ચિંતા ગરીબ અને મધ્યમ વર્ગીય પરીવારોને સતાવતી હોય તે સ્વભાવિક છે પરંતુ સરકાર લોકોના દુઃખ દર્દ દૂર કરવા સતત પ્રયત્નશીલ રહી અણીના સમયે પડખે ઉભી રહે છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય આયુષ્યમાન ભારત યોજના સરકારી તેમજ માન્યતા પ્રાપ્ત ખાનગી હોસ્પિટલોમાં નિઃશુલ્ક સારવાર મળતા પરીવાર પર આવેલી આફતમાં આંસુ લુંછી આ યોજના આશીર્વાદરૂપ પુરવાર થાય છે. મહીસાગર જિલ્લા મથક લુણાવાડામાં જે. જે. સુપર સ્પેશ્યાલીસ્ટ ખાનગી હોસ્પિટલને પીએમજય યોજના અંતર્ગત ડાયાલીસીસ સેન્ટરની માન્યતા મળતા આસપાસના વિસ્તારના જરૂરીયાત મંદદર્દીઓ બહારના સેન્ટરોમાં અવર-જવરની મુશ્કેલી વેઠ્યા વગર સ્થાનીક હોસ્પિટલમાં ઉત્તમ કક્ષાની નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ થતાસારવાર મેળવી રહ્યા છે અને સરકારનો આભાર વ્યક્ત કરી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકારના સંયુક્ત એવી આયુષ્યમાન ભારત-પીએમજેએવાય યોજનાબિમારીથી પિડાતા અનેક લોકો માટે આશીર્વાદરૂપ છે. આ યોજના હેઠળ રૂ. ૫ લાખ સુધીની કેશલેસ સારવાર માન્યતા પ્રાપ્ત ખાનગી અને સરકારી હોસ્પીટલોમાં વિનામૂલ્યે મળે છે. મા યોજના, બાળ સખા યોજના અને ચિંરજીવી યોજના પણ આ યોજનામાં મર્જ કરવામાં આવી છે. મહીસાગર જિલ્લામાં હાલ ૬ પ્રાઈવેટ અને ૪૦ સરકારી હોસ્પીટલોમાં આ યોજના અંતર્ગત સારવાર મફતમાં મેળવી શકાય છે. રૂ. ૪ લાખ કરતા ઓછી આવક હોય તેવા પરિવારો અને રૂ. ૬ લાખથી ઓછી આવક ધરાવતા સિનિયર સીટીઝનના પરિવારો આ કાર્ડ તાલુકા આરોગ્ય કચેરી ખાતેથી મેળવી શકે છે. મહીસાગર જિલ્લામાં ૨.૭૮ લાખ ઉપરાંતના લોકોનેઆયુષ્યમાન ભારત-પીએમજેએવાય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા છે. આ કાર્ડના સહારે કિડનીના રોગમાં ડાયાલીસીસની સારવાર વિનામૂલ્યે મેળવનાર મહીલાના પતિના શબ્દોમાં તેમની વાત સાંભળીએ.

લુણાવાડા તાલુકાના ભગતના મુવાડા ગામના અરવિંદભાઇ પંડ્યા જણાવ્યું કે, મારી પત્નિ કૈલાશબેનને છેલ્લા ત્રણ વર્ષથી કિડનીના રોગમાં ડાયાલીસીસ કરાવવું પડે છે. અગાઉ અમારે બહાર જવુ પડતુ હતુપરંતુ લુણાવાડા જેજે સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં પીએમજેએવાય યોજના અંતર્ગત ડાયાલીસસ સેન્ટરની માન્યતા મળતા નજીકમાં સારવાર ઉપલબ્ધ થઇ છે. અહીં સરકારના નિયમો અનુસાર સારવાર સુવિધા પ્રાપ્ત થાય છે. સરકારની આયોજના અમારા જેવા પરીવારો માટે આશીર્વાદરૂપ છે. આ આરોગ્ય સેવા માટે ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂ છું.

આ સેન્ટર પર ખાનપુર તાલુકાના વડાગામના દર્દી જીગ્નેશભાઇ પટેલ જણાવે છે કે, અમારા જેવા ખેતી કરીને જીવન ગુજારો કરતા પરીવારો માટે આયુષમાન યોજના આધાર રૂપ છે. માંડ માંડ પરિવારનું ભરણપોષણ કરતો માણસ મોંઘી સારવાર નથી કરી શકતો ત્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારે દરેક વર્ગની ચિંતા કરી છે અને સૌ લોકો માટે મફત સારવારની સુવિધા અમને આપી છે. મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં મફતમાં સારવાર કરાવી શક્યો અને આ યોજનાનો મને લાભ આપવા બદલ સરકારનો આભાર વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી.

હોસ્પિટલના ડોક્ટર જીગર પટેલ જણાવે છેકે, આયુષ્યમાન યોજના અંતર્ગત ડાયાલીસીસ સેન્ટરની માન્યતા મળતા હાલ આસપાસના ૧૫ દર્દીઓ આ યોજના અંતર્ગત નિઃશુલ્ક સારવાર મેળવી રહ્યા છે. પ્રતિ ડાયાલીસીસ રૂા.૨૩૦૦ મુજબ ૧૦ ડાયાલીસીસના રૂા.૨૩૦૦૦ હજારની સારવાર દર્દીને નિઃશુલ્ક આપવામાં આવે છે. ઉપરાંત અવરજવર ખર્ચ પેટે પ્રતિ ડાયાલીસીસ રૂા.૩૦૦ પણ આપવામાં આવે છે. તેમજ નિયમોઅનુસારની સારવાર સાથે નાસ્તો ભોજન સહિતની સુવિધાઓ દર્દીને આપી તેની કાળજી લેવામાં આવે છે.

# સંતરામપુર ગાયત્રી શકિત પીઠ અને શાંતિકુજ પ્રેરીત ત્રિદિવસીય કર્મકાંડ શીબીર શરૂ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, ગાયત્રી શકિતપીઠ સંતરામપુર ખાતે શાંતિકુંજ હરિદ્વાર પ્રેરીત તા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમિયાન શાંતિકુંજના પ્રતિધીઓમાં દિનેશભાઇ વ્યાસ અને ચમનભાઇ વસોયાના નેતૃત્વમાં ત્રીદિવસીય કર્મકાંડ પ્રશિક્ષણ શિબીરનો શુભારંભ માન. રાજય કક્ષાના મંત્રી (ઉચ્ચશિક્ષણ) કુબેરભાઇ ડીંડોર, માન. સાંસદ સભ્ય દાહોદ મત વિસ્તારના જસવંતસિંહ ભાભોર, સાંસદ પંચમહાલ મતવિસ્તાના માન. રતનસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત મહિસાગરના પ્રમુખ મતી રમીલાબેન ડામોર અને અન્ય પદાધિકારીઓ દ્વાર દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. આ શિબીરમાં પધારેલ મહાનુંભાવો અને ગાયત્રી પરિવારના ઉપસ્થિત તમામ કાર્યકર્તાઓનું ગાયત્રી શક્તિપીઠના વ્યવસ્થાપક રામજીભાઇ ગરાસીઆએ શાબ્દિક સ્વાગત કર્યું હતું અને કાર્યકરતા-ક્રમકાંડ શિબીરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# મહાશિવરાત્રી

### પરમાત્મા શિવના અવતરણની યાદગાર
### ધાર્મિક એકતા અને સદ્ ભાવનાનો તહેવાર

ભારત એક બહુવિધ સાંસ્કૃતિક વારસો ધરાવતો આધ્યાત્મ પ્રધાન દેશ છે. જેમાં બધા જ ધર્મના તહેવારો ઉજવવામાં આવે છે. આ દરેક તહેવાર કોઇને કોઇ રૂપથી આધ્યાત્મિક સત્તા સાથે જોડાયેલ છે. પરંતુ આજના આ વૈજ્ઞાનિક યુગમાં તહેવારો હવે માત્ર ઔપચારિકતા માટે જ ઉજવવામાં આવે છે તેવું લાગી રહ્યું છે. તહેવારો પાછળ છૂપાયેલ સત્યને બહાર લાવવાની આવશ્યકતા છે. જેથી આ સંસારમાં વ્યાપેલ અજ્ઞાનતા અને તમોપ્રધાનતા દૂર થાય અને આજનો માણસ આપણી આધ્યાત્મિક ભાવના અને સભ્યતાને સાચી રીતે સમજી શકે.

પ્રતિ વર્ષ મહાશિવરાત્રીનું પર્વ ઘણી શ્રદ્ધા સાથે મનાવવામાં આવે છે. આ દિવસે પરમાત્મા શિવની આરાધના કરવામાં આવે છે. શિવલીંગ ઉપર બીલીપત્ર, ધતૂરો, દૂધ-પાણી અને ફળફુલ ચઢાવવામાં આવે છે. ભક્તજનો અખાદ્ય પદાર્થો જેવા કે ભાંગ અને ગાંજાનો પણ પ્રસાદરૂપમાં સ્વીકાર કરે છે. આ દિવસે શિવની શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. આ દિવસે ભક્તો વ્રત-ઉપવાસ કરે છે અને રાત્રે જાગરણ પણ કરે છે.

પરમાત્મા. શિવ કોણ છે ? શિવના માટે લીંગ અથવા જ્યોર્તિલીંગ શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવે છે? શિવની સાથે રાત્રીનો શું સબંધ છે? કૃષ્ણીની સાથે અષ્ટેમી અને રામની સાથે નોમની તીથિ જોડવામાં આવે છે. પરંતુ શિવની સાથે રાત્રી જ કેમ જોડવામાં આવી છે? કોઇ તીથિ કેમ જોડેલ નથી? શિવની સાથે શાલીગ્રામ કોણ છે ? અન્ય બધા દેવતાઓ પર સારા અને સ્વાદિષ્ટ પ્રસાદ ચઢાવવામાં આવે છે. પરંતુ શિવ પર આકડાના ફૂલો અને ધતૂરો જ કેમ ચઢાવવામાં આવે છે? શિવની મૂર્તિ શરીર રહિત છે પરંતુ શિવનું વાહન નંદી શરીરધારી કેમ છે? વગેરે શિવરાત્રી સાથે જોડાયેલ પ્રશ્નો પર વિવેકપૂર્વક અને યથાર્થ રીતથી ચિંતન કરવાની આવશ્યકતા છે. ત્યારે જ શિવરાત્રીના પર્વને યોગ્ય રીતે મનાવ્યું કહેવાશે અને સંસારને સાચી દિશા તો જ આપી શકાશે તેમજ માનવ મનમાં ફેલાયેલ અજ્ઞાનતા અને તમોગુણી આસુરી સંસ્કારોનું શમન કરી શકાશે.

**: પરમાત્મા શિવ કોણ છે.?..... :**

પરમાત્મા શિવ નિરાકાર અને જ્યોતિર્બિંદુ સ્વરૂપ છે. સાકારમાં દર્શન અને પૂજા માટે શિવલીંગની પ્રતિમા બનાવેલ છે. શિવ રૂપમાં બિંદુ પણ ગુણોમાં સિંધુ છે. શિવનો અર્થ થાય છે કલ્યાણકારી. પરમાત્મા શિવ સર્વ માનવ આત્માઓના પરમ કલ્યાણકારી છે. તેઓ દુઃખહર્તા અને સુખકર્તા છે. ભારતના ખૂણે ખૂણે શિવના મંદિરો આવેલા છે જે પરમાત્મા શિવના મહાન કર્તવ્યના સૂચક છે. જેમ કે અમરનાથ, સોમનાથ, પાપકટેશ્વર, મુક્તેશ્વર, મહાકાલેશ્વર, ત્રિભુવનેશ્વર, ભોલાનાથ વગેરે. શ્રીકૃષ્ણં અને મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજીના ઈષ્ટ દેવ પણ પરમાત્મા શિવ જ છે. ગોપેશ્વર અને રામેશ્વર જેવા વિશાળ શિવના મંદિરો આજે પણ તેના સાક્ષીરૂપે છે. શિવને ત્રિમૂર્તિ શિવ કહે છે. જેની યાદગારરૂપે શિવલીંગ ઉપર ત્રિપુંડ કરવામાં આવે છે. બ્રહમા, વિષ્ણુા અને શંકરના રચયિતા હોવાથી શિવને ત્રિમૂર્તિ કહે છે. આમ, શિવ અને શંકર જુદા છે. શિવ રચયિતા છે. જ્યારે શંકર તેની રચના છે. શંકરને કૈલાસ પર્વત ઉપર દ્યાનસ્થ અવસ્થામાં દેખાડવામાં આવે છે. તે રચયિતા પરમાત્મા શિવનું જ દ્યાન કરે છે. આમ, શિવ દેવોના દેવ મહાદેવ છે.

**: શિવનો રાત્રી સાથે શું સબંધ છે? :**

પરમાત્મા શિવ અજન્મા છે. અર્થાત તેઓ જન્મ મરણના ચક્રથી ન્યારા છે. તેઓ દિવ્ય અવતરણ કરે છે. પોતે સદા શિવ એટલે કે સદા જ્યોતિ સ્વરૂપ હોવાના લીધે અશરીરી છે. તેઓ અકર્તા અને અભોક્તા છે. શિવને સ્વયંભૂ કહે છે. તેઓ સ્વયં પ્રગટ થાય છે. અર્થાત સ્વયં અવતરણ કરે છે. શિવ પિતા પરમધામ નિવાસી છે. સૂર્ય, ચંદ્ર અને તારામંડળથી પણ પાર તેઓ છઠ્ઠા બ્રહ્મ મહાતત્વમાં પરલોક બ્રહ્મ લોકમાં નિવાસ કરે છે.
શિવરાત્રી એ નિરાકાર પરમાત્મા શિવના સૃષ્ટિપ પર દિવ્ય અવતરણના યાદગારનું મહાન પર્વ છે. સમગ્ર સૃષ્ટિછ પર જયારે અજ્ઞાન અંધકાર વ્યાપે છે,



ચારેકોર ઘોર પાપાચાર, અત્યાચાર અને આતંકના કારણે માનવ આત્માઓ દુઃખી અને અશાંત થઇને પરમાત્માને પોકારે છે, હે પ્રભુ, આ દુઃખની દુનિયામાંથી પાર લઈ જાઓ. ત્યારે ગીતામાં આપેલા વાયદા મુજબ જ્ઞાન સૂર્ય પરમાત્મા શિવ અજ્ઞાનતારૂપી અંધકારના વિનાશ માટે વિકારી, અપવિત્ર દુનિયાને નિર્વિકારી, પાવન વિશ્વ બનાવવા તેમજ કળીયુગ દુઃખધામના સ્થાને સતયુગ સુખધામની સ્થાપના માટે પરમાત્મા શિવ એક સાધારણ વૃધ્ધ તનનો આધાર લઈ દિવ્ય અવતરણ કરે છે. જે તન(શરીર)નું નામ પ્રજાપિતા બ્રહ્મા રાખે છે. બ્રહ્માના સાકાર માધ્યમથી રૂદ્ર જ્ઞાન યજ્ઞની રચના કરે છે. આમ, બ્રહ્મા ભગવાન શિવનો ભાગ્યશાળી શરીરરૂપી રથ હોવાના કારણે ભગીરથ અથવા શિવના નંદી તરીકે ઓળખાય છે. આમ, શિવ નિરાકારી છે પરંતુ તેમનું વાહન નંદી શરીરધારી છે.

**: શિવરાત્રીનું આધ્યાત્મિક રહસ્યમ :**

શિવરાત્રીના દિવસે ભકતજનો શિવલીંગ ઉપર બીલીપત્ર, ધતૂરો, દૂધ-પાણી અને ફળફૂલ ચઢાવે છે. રાત્રિ જાગરણ કરે છે તેમજ ઉપવાસ રાખે છે. વાસ્તીવમાં પરમાત્માા શિવ પર યોગ્ય રૂપથી શું ચઢાવવું જોઈએ અને કેવી રીતે વ્રતનું પાલન કરવું જોઈએ તેના આધ્યા ત્મિભક રહસ્યઉને સમજવાની જરૂર છે.

ધતુરો એ વિકાર, વેર અને નફરત- ધૃણાનું અને બિલીપત્ર એ બુરાઈઓનું પ્રતિક છે એટલે આપણે પરમાત્મુ શિવ પર વિકાર, વિષય-વાસના તેમજ ખરાબ આદતો ચઢાવવી જોઈએ અર્થાત તેનો ત્યાલગ કરવો જોઈએ. ઉપવાસ એટલે ઉપરવાસ. પરમાત્માક શિવની સાથે સતત વાસ કરવો એટલે કે પરમાત્માાને યાદ કરવા

રાત્રિ જાગરણનું આધ્યાજત્મિાક રહસ્યક છે કે, પરમાત્મા. શિવના વર્તમાન સમયના અવતરણના સમયે આપણે આપણી આત્માની જ્યોતિ જગાવીએ, અજ્ઞાન નિંદ્રામાં ન રહીએ. શિવની બારાતનું રહસ્ય છે કે પરમાત્મા શિવ મનુષ્યા આત્માઓને સૃષ્ટિઆના આદિ, મધ્યઆ, અંત, સૃષ્ટિ ચક, કર્મોની યોગ્ય સમજ તેમજ ગહન ગતિનું જ્ઞાન આપીને પોતાના નિવાસસ્થાન પરમધામમાં લઈ જાય છે વાસ્તવમાં બહુરૂપી બારાત મનુષ્યટના વિકૃત સૂક્ષ્મન સંસ્કારોના શાસ્ત્રીય રૂપકનું ચિત્રણ છે એટલે કે શિવરાત્રીનું મહાત્મ્ય અને આધ્યાત્મિક રહસ્યને યોગ્ય રીતે સમજીને મનાવવાથી જ બધા મનુષ્યા ત્માઓ અને સંસારનું કલ્યાણ થઇ શકે છે.

**: શિવાલય સંબંધી જોડાણનું ગુપ્ત રહસ્ય :**

(૧) સફેદ નંદી :- સફેદ વસ્ત્રધારી પ્રજાપિતા બ્રહ્મા કે જેના તનમાં શિવનું અવતરણ થાય છે. તેનું તે પ્રતિક છે.
(૨) કાચબો :- ચારે તરફ ભટકતી સ્થૂળ ઈન્દ્રિયોને કાચબાની માફક સમેટીને એક ચિત્તે પરમાત્મા સાથે તાદાત્મયનું તે પ્રતિક છે.
(૩) જળાધારી :- બુદ્ધિમાં શિવ દ્વારા અપાયેલ ઈશ્વરીય જ્ઞાન સદા રહે અને તે દ્વારા શિવની નિરંતર યાદ રહે તેનું તે પ્રતિક છે.
(૪) ત્રિપૂંડ :- પરમાત્મા ત્રિકાળદર્શી અને ત્રિમૂર્તિ દેવતાઓના રચયિતા છે. તેની યાદગાર છે.
(૫) ધતૂરાના ફૂલ :- મનુષ્યોમાં રહેલા વિકારો, બૂરી આદતો, પતિતપણું આદિ સર્વને પરમાત્મા પતિત પાવનના નાતે સ્વીકારી લઈ કોડીમાંથી હીરાતૂલ્ય બનાવે છે. તેની યાદગાર છે.
(૬) લિંગ કાળા રંગનું :- મનુષ્યોના વિકારોરૂપી ઝેરને સમાવી લે છે તે દર્શાવે છે. તેના પ્રતિરોધ રૂપે જ દૂધ ચડાવાય છે.
(૭) ગણપતિની મૂર્તિ :- શ્રીમત પર ચાલી વિપરિત વાતો પેટમાં સમાવી બારીકાઈથી નિરીક્ષણ કરી ખોટી વાતોને સ્થાને સત્ય બાબતોને જ ધારણ કરી વિઘ્નોનો નાશ કરી વિઘ્ન નાશક બનવાનું સૂચન છે.
(૮) હનુમાનની મૂર્તિ :- બ્રહ્મચર્ય પાલન, ઈન્દ્રિયો પર જીત મેળવી મહાવીર બની ઉપરામ અવસ્થા પામવા સૂચવે છે.
(૯) બિલીપત્ર :- ત્રણ અથવા પાંચ પાનવાળા બિલીપત્ર સૂચવે છે કે મન, બુદ્ધિ, સંસ્કાર ત્રણેય તેમજ પાંચેય કર્મેન્દ્રિયો પરમાત્મા શિવને સમર્પણ કરવાની જરૂર છે.
(૧૦) ઉપવાસ :- ઉપવાસ નહીં પણ ઉપર વાસ અર્થાત ઉપર રહેવાવાળા પરમાત્મા સાથે બુદ્ધિથી સમીપ વાસ કરવાનું પ્રતિક છે.
(૧૧) જાગરણ :- જાગરણ સૂચવે છે સદા જાગૃત રહી વિકારોરૂપી રાક્ષસ ઉપર વિજય મેળવી વિકર્માજીત બનો. એક દિવસ શિવરાત્રિ અને બાકીના દિવસ વિષરાત્રિ એ યોગ્ય નથી.

**: શિવરાત્રી ધાર્મિક એકતાનો તહેવાર :**

મહાશિવરાત્રીના સબંધમાં બધાથી અનોખી વાત એ છે કે તેનો સબંધ નિરાકારી અને અશરીરી પરમાત્મા સાથે છે. જ્યારે બધા તહેવારો, પર્વો અથવા જયંતિઓનો દેવતાઓ, પૌરાણિક મહાપુરૂષોના જીવન સાથે સબંધ હોય છે. એટલે કે શિવરાત્રી પરમાત્મા શિવના આ પૃથ્વી પરના દિવ્ય અવતરણની યાદગાર છે. પરમાત્મા શિવ સામાન્ય મનુષ્યોનની જેમ શરીરધારી નથી અને જન્મ મરણના બંધનોથી મુક્ત છે. ગીતામાં ભગવાને આ સબંધમાં કહ્યું છે કે જે મને મનુષ્યોસની જેમ જન્મ લેવાવાળો અને મરણ પામવાવાળો માને છે તે મૂઢમતિ છે. (અધ્યાય-૬ શ્લોક ૨૪,૨૫) ફરીથી તેઓ કહે છે કે મારા દિવ્ય જન્મના રહસ્યને ન મહર્ષિ, ન દેવતા જાણે છે. (અધ્યાય-૧૦ શ્લોક ૨) તેથી સ્પષ્ટ થાય છે કે પરમાત્મા પ્રકૃતિના તત્વોને આધિન કોઈ મનુષ્યોંની જેમ શરીરધારી નથી હોતા અને વિશ્વના બધા જ ધર્મના ધર્મપિતાઓએ પરમાત્માને અશરીરી અને જ્યોતિ સ્વરૂપ જ માન્યા છે. બધાએ કહ્યું છે કે હું ઈશ્વર પુત્ર છું અથવા પરમાત્માનો સંદેશવાહક છું. કોઈએ એમ નથી કહ્યું કે હું પરમાત્મા છું. ક્રાઈસ્ટે કહ્યું કે ગોડ ઈઝ લાઈટ, ગુરૂનાનકે એક ઓમકાર...નિરાકાર કહ્યું છે. હજરત સાહેબે નૂર-એ-ઈલાહી એટલે કે ઈશ્વર પ્રકાશ સ્વરૂપ છે એમ કહ્યું છે. મુસ્લિમો પણ મક્કામાં સંગ-એ-અસ્વદ નામના પ્રતિકને ચૂમે છે. જાપાનમાં બૌધ્ધ લોકો જ્યોતિર્લિંગ જેવા પત્થરનું ધ્યાન કરે છે. ભારતમાં પણ સનાતન ધર્મીઓ બાર જ્યોર્તિલિંગના રૂપમાં પૂજન કરે છે. આમ, જ્યોતિ સ્વરૂપ શિવ સર્વ ધર્મપિતાઓ અને દેવતાઓના એકમાત્ર સર્વ માન્ય પરમપિતા પરમાત્મા છે. તેથી જ શિવરાત્રી એ ધાર્મિક એકતા અને સદભાવનાનો તહેવાર છે.

**: ઈશ્વવરીય સંદેશ :**

વર્તમાન તમોપ્રધાન ધર્મગ્લારનિના સમયમાં નિરાકાર જયોર્તિબિંદુ સ્વતરૂપ પરમપિતા શિવનું આ પૃથ્વીન પર અવતરણ થયે ૭૫ વર્ષ થઈ ચુકયા છે. પરમાત્મ્ શિવ અનેક આધ્યાત્મિક રહસ્યોથનો ઘટસ્ફોટ કરીને સત્ય ધર્મની સ્થા૭પનાનું દિવ્ય કર્તવ્યય કરી રહ્યા છે. એકબાજુ પુરાની પતિત દુનિયાના વિનાશ માટે મહાપ્રલયકારી અણુશસ્ત્રોયનો જમાવટો થઇ ચુકયો છે. તો બીજી બાજુ પ્રાકૃતિક શકિતઓ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે. ભૂકંપ, વાવાઝોડુ, જીવનરક્ષક પડ ઓઝોનનું ગાબડું, તાપમાનમાં વૃદ્ધિ, મોસમમાં પરિવર્તન આ બધુ પુરાની દુનિયાના અંતનો સ્પરષ્ટ. સંકેત કરે છે. તેથી વર્તમાન સંગમયુગમાં નિરાકાર પરમાત્મા, શિવ તથા પોતાને યોગ્ ય રીતે ઓળખીને નજીકના ભવિષ્યામાં આવનારી નવી સતયુગી દૈવી સતોપ્રધાન દુનિયામાં પ્રવેશવા પાવન પવિત્ર બનો અને તમોગુણી સ્વાભાવ અને સંસ્કારોનો ત્યાોગ કરી પોતાના જીવનમાં તથા આ સૃષ્ટ્મિાં સત્યમ્ શિવમ સુંદરમના મંગલમય તત્વોણનો સંચાર કરી સાચી શિવરાત્રિ ઉજવીએ.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નોકરીમાં પ્રમોશનના યોગ જણાય છે, શેર સટ્ટાથી દૂર રહેવું-નુકસાન કરાવશે, ખર્ચાઓ ઉપર નિયંત્રણ રાખવું, કૌટુંબિક પ્રશ્નોમાં સારું સમાધાન મળશે.

વૃષભ (બ.વ.ઉ.) : દામ્પત્ય જીવનમાં અણબનાવો દૂર થશે, મકાન વાહન ખરીદવાનો અવસર મળશે, તબિયતની બાબતમાં કાળજી રાખવી, વિદ્યા માટે બહાર જવાનું આયોજન કરી શકો.

મિથુન (ક.છ.ઘ.) : નોકરીયાત વર્ગને જવાબદારીમાં વધારો થશે, માનસિક તનાવમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો, યાત્રા-પ્રવાસથી લાભની સંભાવના, વિવાહ બાબતના પ્રશ્નોમાં સફળતા મળે.

કર્ક (ડ.હ.) : ભાગીદારીવાળા ધંધામાં લાભ થાય, પ્રેમ પ્રસંગોમાં સાનુકૂળતા જણાય, વાહન ધીમેથી ચલાવવું-કામ શાંતિથી કરવું, ધાર્મિક લોકો માટે વિદેશયોગની સંભાવના.

સિંહ (મ.ટ.) : પ્રશંસનીય કાર્ય થવાની સંભાવના છે, કૌટુંબિક સંબંધોમાં સુધારો જોવા મળે, ધંધામાં પ્રગતિના યોગ જણાય છે, વિશ્વાસઘાત અને છેતરામણીથી બચવું.

કન્યા (પ.ઠ.ણ.) : સંતાનોની ચિંતામાં સમાધાન મળશે, અજાણ્યા લોકો સાથે રોકાણમાં ધ્યાન રાખવું, ખેડૂતો માટે સારો સમય જણાય છે, બદલી બઢતી કે સ્થળાંતરના યોગ બને છે.

તુલા (ર.ત.) : આર્થિક બાબતે સંકડામણ અનુભવશો, ઉઘરાણી ઉપર પૂરતું ધ્યાન આપવું, સંતાનોના પ્રશ્નોમાં ચિંતા જણાશે, સરકારી તંત્ર વિરોધીઓથી સાવધાન રહેવું.

વૃશ્ચિક (ન.ય.) : કૌટુંબિક પ્રેમભાવમાં વૃદ્ધિ થશે, નવી ઓળખાણો દ્વારા લાભ થશે, નોકરીમાં પ્રમોશનની શક્યતા જણાય છે, ઓચિંતા મુશ્કેલી આવવાની સંભાવના છે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આપના મનમાં ઉચાટ ઉદ્વેગ રહ્યા કરશે, માનસિક અશાંતિનો અનુભવ થશે, દામ્પત્ય જીવનમાં સાધારણ તણાવ જણાશે, નોકરીયાતને સમય અનુકૂળ જણાશે.

મકર (ખ.જ.) : રોકાયેલા અધુરા કાર્યો પૂરા થશે, આર્થિક સંકડામણ ઓછી થશે, વિરોધીઓ કાવાદાવામાં નિષ્ફળ જશે, રાજકીય ક્ષેત્રમાં સાચવીને ચાલવું.

કુંભ (ગ.સ.શ.ષ.) : સકારાત્મક વિચારોથી સારો લાભ થશે, વેપાર-ધંધામાં સારો લાભ જણાશે, મનની મૂંઝવણમાં સામાન્ય વધારો થશે, નાણાકીય રોકાણ કરવામાં સાવધાની રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : આર્થિક સંકડામણ દૂર કરવાના રસ્તા મળશે, પ્રવાસ અને નવી મુલાકાતથી લાભ જણાશે, દામ્પત્ય જીવનમાં મતભેદ ઉભા થવાની સંભાવના, પ્રેમ પ્રસંગોમાં પ્રતિકૂળતા જણાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ નગરપાલિકામાં યોજાયેલી ત્રિમાસિક સામાન્ય સભા

# ૧૬ મુદ્દાઓ પર વિપક્ષ તેમજ શાસક પક્ષના સભ્યોની ચર્ચાઓના અંતે સર્વાનુમતે મંજુર કરાયા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદનગર પાલિકાના સભાખંડમાં આજરોજ ત્રીમાસીક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભૂતકાળમાં ગણતરીની મિનિટોમાં આંટોપાતી સામાન્ય સભા આજે પ્રથમ વખત તમામ ૧૬ મુદ્દાઓ પર ગરમાગરમ વિસ્તૃત ચર્ચાઓના અંતે મંજુર કરવામાં આવ્યા હતા. જ્યારે પાલિકાના ચીફ ઓફિસર મોડા આવતા નિયત સમય કરતા વિલંભથી ચાલુ થયેલી સામાન્ય સભામાં વિપક્ષ દ્વારા કેટલાક મુદ્દાઓમાં વિરોધ નોંધાવી પાલિકા ના કેટલાક ખામીઓ અંગે ટકોર કરતા શાસક પક્ષ દ્વારા પાલિકાના વહીવટમાં થયેલી ખામીઓને આગામી સમયમાં દૂર કરવા હૈયાધારણા આપવામાં આવી હતી.જોકે ત્રિમાસિક સામાન્ય સભામાં સાશક પક્ષના કેટલાક સુધરાઈ સભ્યો દ્વારા પોતાના જ વિસ્તારમાં વિકાસના કામો અંગે પાલિકા સત્તાધીશો તેમજ અધિકારીઓ સમક્ષ અવાર નવાર રજૂઆતો કરવા છતાંય કોઈ નક્કર કામગીરી ના થતા નારાજગીની સાથે બળાપો કાઢી પોતાના જ પક્ષની કાર્યશેલી અંગે સવાલો ઉભો કરતા સામાન્ય સભામાં સૌ કોઈમાં આશ્ચર્ય ની સાથે પાલિકાના જ સુધરાઈ સભ્યોમાં આંતરિક મતભેદ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવ્યું હતું જોકે સામાન્ય સભામાં ઉગ્ર ચર્ચાઓ તેમજ રજૂઆતોના અંતે વિવિધ ૧૬ મુદ્દાઓ સર્વાનુમતે મંજુર કરવામાં આવતા સામાન્ય સભા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી. સાથે સાથે આરોગ્ય સમિતિના ચેરમેન દ્વારા દાહોદ નગરપાલીકાની ટર્મ ને એક વર્ષ પૂર્ણ થયું હોવાથી તમામ સુધરાઈ સભ્યોને આગામી ચાર વર્ષો દરમિયાન પ્રજાના સુખાકારીને ધ્યાને લઈ સંકલનમાં કામ કરવાનો આશવાદ વ્યકત કર્યો હતો.

## સામાન્ય સભામાં વિપક્ષના નેતા દ્રારા કેટલાક મુદ્દાઓ પર વિરોધ વ્યકત કરી નગર પાલિકાની કામગીરી સામે ટકોર કરી

કોંગ્રેસના બેનર પર વોર્ડ નંબર ૩ માંથી ચૂંટાયેલા વિરોધ પક્ષના નેતા કાઈદ ભાઈ ચૂનાવાલાએ પોતાના વોર્ડમાં સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતા ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર પ્રોજેક્ટ, ગેસ પાઈપલાઈન જેવા કામોમાં ભેદભાવ થતો હોવાનું આક્ષેપો સાથે ત્રિમાસિક સામાન્ય સભામાં વિવિધ મુદ્દાઓમાં પોતાનો વિરોધ પ્રગટ કર્યો હતો. જેમાં કેટલાક કામોમાં નગર પાલિકા દ્વારા થયેલ ભૂલો ગણાવી ટકોર કરતા નગર પાલિકા દ્વારા કામોમાં રહેલ ખામીઓને આગામી સમયમાં સુધારવા હૈયા ધારણા આપવામાં આવી હતી.

દાહોદ નગરપાલિકાની સામાન્ય સભામાં ભાજપના કાઉન્સિલરે નળ કનેકશનનો તેમજ શહેરમાં ગંદકી તેમજ ધૂળિયું વાતાવરણ દૂર કરવા રજૂઆત કરાઈ.

દાહોદ નગરપાલિકા ની ત્રિમાસિક સામાન્ય સભામાં વોર્ડ નંબર ૬ ના ભાજપના કાઉન્સિલર ગોપી દેસાઈએ પોતાના વિસ્તારમાં આશરે ૫ હજારની વસ્તી ધરાવતા મદની નગરમાં પાણીના કનેકશનો ફાળવવા તેમજ ભૂગર્ભ ગટર સહીત સમાર્ટ સીટી ના કામો અંગે રજૂઆત કરવામાં આવી હતી. તેમજ શહેરમાં ઠેર-ઠેર ગંદકી તેમજ ધૂળિયા વાતાવરણ માંથી દાહોદ શહેર ને મુક્ત કરવા રજૂઆત કરવામાં આવી હતી.

દાહોદ નગરપાલિકાની સામાન્ય સભામાં નગરપાલિકાની વિવિધ ૧૧ જમીનો પર દબાણો થયાનો મુદ્દો ઉછળ્યો:૧૧ માંથી ૭ માં દબાણ હટાવવા નોટિસો ફટાકરાઈ....

દાહોદ નગરપાલિકામાં યોજાયેલી ત્રિમાસિક સામાન્ય સભામાં ટીપી સ્કીમ દાહોદ શહેરમાં નગરપાલિકાની માલિકી ધરાવતા આવેલા જુદા જુદા સર્વે નંબરમાં (૧)૮૩/૬ માં પોલીસ ભવન, (૨) ૮૩/૮ માં બ્લોક હેલ્થ સેન્ટર, (૩) ૮૩/ માં ગર્લ્સ હોસ્ટેલ/આદિજાતી ભવન (૪) ફા. પ્લોટ ૯૨ માં સિંધી ધર્મશાળા પાણી પુરવઠા વિભાગ (૫)ફા. પ્લોટ ૯૩ માં પોલીસ ખાતા પાસે ખુલ્લી જમીન પરેડ ગ્રાઉન્ડમાં, (૬) સર્વે નબર ૨૭૮ પોલીસના પાકા રહેણાંક મકાનો (૭) ફા. પ્લોટ ૯૭/૨ માં જિલ્લા પુરવઠા વિભાગ પાસે કમ્પાઉન્ડ, (૮) સર્વે નંબર ૧૦૦૫ ખેતીવાડી વિભાગ પાસે અમુક ભાગ દબાણમાં, (૯) ૮૩/૪ માં પોલીસ ખાતાના પાકા રહેણાંક મકાનો (૧૦) સર્વે ૪૫ જિલ્લા શિક્ષણ વિભાગ પાસે પાક્કું શૈક્ષણિક તેમજ ફા. પ્લોટ ૧૧૫ માં જિલ્લા ૪૫ જિલ્લા શિક્ષણ વિભાગ પાસે પાક્કું શૈક્ષણિક સહીત કુલ ૧૧ જેટલી પાલિકાની માલિકીની જમીનમાં ઉપરોક્ત સંસ્થાઓ તેમજ વિભાગો દ્વારા દબાણ કર્યો હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો જેમાં પાલિકા દ્વારા ૧૧ દબાણકર્તાઓમાંથી માત્ર સાત જ વિભાગો ને દબાણ ખાલી કરવા નોટિસ ફટકારી હોવાનું જાણવા મળે છે જ્યારે અન્ય ચાર જેટલા દબાણ કર્તાઓને કોઈપણ જાતની નોટીસ ન ફાટકરવામાં આવતા તરેહ તરેહ ની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે ના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે આ સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાંના મોત નીપજ્યાનું જ્યારે એકને ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ સિંગવડ તાલુકાના વાધનાળા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તારીખ ૨૭મી ફેબ્રુઆરીના રોજ એક પેસેન્જર ભરેલ છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી છકડો પલટી ખવડાવતા અંદર સવાર અશ્વિનકુમાર ખાટ (રહે. ભથવાડા તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ) ના છકડામાંથી ફંગોળાઈ જમીન પર પટકાતા તેઓને શરીરને તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજયું હતું જયારે છકડામાં સવાર અન્ય માધુભાઈને પણ શરીરે હાથે-પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ સંબંધે સિંગવડ તાલુકાના વાધનાળા ગામે નિશાળ ફળિયામાં રહેતા પ્રવીણભાઈ માધુભાઈ રાવળએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દેવગઢ બારિયા તાલુકાના રેબારી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તારીખ ૨૬ મી ફેબ્રુઆરીના રોજ એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાની વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી રસ્તે ચાલતા પસાર થઇ રહેલ ધર્મેશભાઈ પારસીંગભાઈ કોળી (રહે. ભથવાડા, તા. દેવગઢ બારીઆ, જી.દાહોદ) ને અડફેટમાં લેતા ધર્મેશભાઈ જમીન પર ફંગોળાયા હતા જેને પગલે તેઓને શરીર તેમજ હાથે-પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ગામે રહેતા ચંચીબેન પારસીંગભાઈ કોળીએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનીખુટ પ્રાથમિક શાળામાં વિજ્ઞાન દિવસ ની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ધાનીખૂટ પ્રાથમિક શાળા ખાતે શાળાના વિજ્ઞાન શિક્ષક પ્રીતિબેન પટેલના માર્ગદર્શન હેઠળ નેશનલ સાયન્સ ડે ની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવારે ઉત્સાહ ભેર સહભાગી બન્યા.આ પ્રસંગે વિજ્ઞાન સાધન નિર્દશન પ્રોજેકટરના માદયમથી વિજ્ઞાનની વિકાસ યાત્રા તેમજ વર્ષ દરમ્યાન થયેલ વિજ્ઞાન પ્રવૃતિઓથી બાળકોને વાકેફ કરવામાં આવ્યા. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી કલ્પનાબેન રાજભોઈ દ્વારા વિજ્ઞાન વિકાસ અંગે પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું. કલસ્ટર સી.આર.સી.કો.સુરેશભાઇ પંચાલે શિક્ષકો અને બાળકોને શુભેચ્છાઓ પાઠવી ગુણવતા યુક્ત શિક્ષણ માટે સંસાધન નો વધુ ઉપયોગ કરવા અપીલ કરી..

## દે.બારીયા તાલુકા પંચાયત કચેરીના આસિસ્ટન્ટ ટેકનિકલ કર્મચારીને ૪૫૦૦ રૂપિયાની લાંચ લેતાં રંગે હાથે ઝડપી પાડતી ACB

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકા પંચાયત કચેરીમાં આસિસ્ટન્ટ ટેકનિકલ કર્મચારી એક જાગૃત નાગરિક પાસેથી રૂા.૪૫૦૦ની લાંચ લેતાં મહીસાગર એસીબી પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં દેવગઢબારીઆ તાલુકા પંચાયત આલમ સહિત સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

એક જાગૃત નાગરિક પાસેથી દેવગઢ બારીઆ તાલુકા પંચાયતનો આસિસ્ટન્ટ ટેકનિકલ તરીકે ફરજ બજાવતો હસમુખ કોળીએ જાગૃત નાગરિકનું કામ કાઢી આપવા માટે રૂા.૪૫૦૦ની લાંચની માંગણી કરી હતી. લાંચની રકમ જાગૃત નાગરિક આપવા માંગતો ન હોવાને કારણે તેણે એસીબી પોલીસનો સંપર્ક સાંધ્યો હતો અને મહીસાગરની એસીબી પોલીસે દેવગઢ બારીઆ તાલુકા પંચાયતમાં આજરોજ છટકું ગોઠવતાં આસિસ્ટન્ટ ટેકનીકલ હસમુખ કોળી જાગૃત નાગરિક પાસેથી રૂા.૪૫૦૦ની લાંચ લેતાં મહીસાગર એસીબી પોલીસના હાથે રંગેહાથે ઝડપાઈ જતાં સમગ્ર દેવગઢબારીઆ તાલુકા પંચાયત આલમમાં સ્તબ્ધતા સાથે ચક્ચાર મચી જવા પામી હતી. જાણવા મળ્યાં અનુસાર, હસમુખ કોળીને દેવગઢબારીઆ તાલુકા પંચાયત કચેરીમાંથી સર્કિટ હાઉસ લઈ જવામાં આવ્યો હતો. સમગ્ર મામલે એસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લાની ૧૦ હજાર મહિલાઓને બકરી મૂલ્ય સાંકળ પ્રોજેક્ટ અંતર્ગત પશુપાલન માટેની તાલીમ અપાશે



દાહોદ,

પશુપાલન એ ખેડૂતોની આવક વધારવા માટેનું ઉત્તમ માધ્યમ છે ત્યારે દાહોદ જિલ્લામાં બકરી મૂલ્ય સાંકળ પ્રોજેક્ટ અંતર્ગત ૧૦ હજાર મહિલાઓને તાલીમ આપવાનું આયોજન કરાયું છે. ઉપરાંત ગ્રામ્ય સ્તરે કાઉન્સેલિંગ અને પ્રાથમિક સારવાર માટે પશુ સખીઓને તાલીમ અપાઇ રહી છે. અત્યાર સુધીમાં ૧૭૭૦ મહિલાઓને બકરી પાલનની તાલીમ આપવામાં આવી છે. જ્યારે ૧૯ મહિલાઓને પશુસખી તરીકે તાલીમ આપવામાં આવી છે.

પશુપાલન થકી જિલ્લામાં મહિલાઓ સારી આવક મેળવી શકે તે માટે અભિયાન રૂપે આ કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૦ દિવસ માટે પશુપાલક મહિલાઓને બકરી પાલનની તાલીમ આપવામા આવે છે. જેમાં વર્મી કમ્પોસ્ટિંગ ઉપરાંત બેકયાર્ડ કિચન ગાર્ડન કોન્સેપ્ટ પર પ્રાયોગિક નિદર્શન સાથે તાલીમાર્થીઓને શાકભાજીના બીજનું પણ વિતરણ કરવામાં આવે છે. જિલ્લામાં અત્યાર સુધીમાં દેવગઢ બારીયામાં ૨૧૦ અને લીમખેડામાં ૧૫૬૦ મહિલાઓને આ માટેની તાલીમ આપવામાં આવી છે.

જિલ્લામાં ગ્રામ્ય સ્તરે જ પશુઓને પ્રાથમિક સારવાર મળી રહે એ માટે મહિલાઓને પશુસખી તરીકેની તાલીમ આપવામાં આવી રહી છે. દાહોદનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને પશુપાલન વિભાગ તેમજ આઇસીઆઇસીઆઇ ફાઉન્ડેશન દ્વારા આ રીતે ૧૯ પશુ સખીઓને તાલીમ આપવામાં આવી છે. તેમજ તેમને પશુઓની પ્રાથમિક સારવાર માટે કીટ પણ આપવામાં આવી છે. કામગીરી ધ્યાને લઇ પશુસખીઓને પ્રોત્સાહક માનદ વેતન પણ આપવામાં આવશે. ઉપરાંત બકરી આરોગ્ય શિબિરોનું વિવિધ ગામો ખાતે આયોજન કરીને ૨૯૪ લોકોએ લાભ લીધો હતો અને ૧૬૨૫ જેટલા પશુઓનું નિઃશુલ્ક નિદાન-સારવાર કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહાકુમારીએ તાલીમબદ્ધ પશુસખીઓને પ્રાથમિક સારવાર કીટનું વિતરણ કર્યું હતું. તેમજ પશુખાણ દાણ સહાય યોજનાના લાભાર્થીઓને સહાયનું વિતરણ પણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, જિલ્લામાં ૧૦ હજાર લોકોને બકરી પાલન માટેની તાલીમ આપવામાં આવશે. પશુપાલનની વ્યવસ્થિત તાલીમ મળતાં પશુપાલકોની આવકમાં વધારો થશે અને જીવનધોરણનું સ્તર પણ ઉપર આવશે. દાહોદનાં મુવાલીયા ખાતેના મરઘા ઉછેર કેન્દ્ર ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં જિલ્લા પશુપાલન અધિકારી ડો. કમલેસ ગોસાઇ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## મહાભારત


જીજ્ઞા કપુરીયા (નિયતી)

સત્ય કાજે આજ પણ; જોને
મહાભારત ખેલાય,
કુરુક્ષેત્રનાં મેદાનમાં હે'જી ગીતા
રચાય!......

હસ્તિનાપુર મેળવવા; જોને
કાવાદાવા થાય,
શકુનિ જેવાં મામાથી હે'જી
દુર્યોધન ભરમાય!....

દુર્યોધન શાસન કરે; જોને
અભિમન્યુ હણાય,
પુત્રતણાં આ મોહમાં; હે'જી કુળનો નાશ થાય!....

ભરીસભામાં કુળવધુની; જોને લાજ લુંટાય,
ગુણીજનો પણ અધર્મમાં;
હે'જી કેવાં ભાગીદાર થાય!.....

અરજ સાંભળી સખીની; જોને કૃષ્ણ દોડી જાય,
ચીર પુરાયા દ્રૌપદીનાં; હે'જી સભા અચંબિત થાય!......

ભીષ્મ જેવાં ભીષ્મની; જોને બાણશય્યા સજાય,
ધર્મ અધર્મની લડાઈમાં; હે'જી ધર્મની જીત થાય!....

શત શત પુત્રની માત પણ; જોને એકલીઅટુલી થાય,
દઈ બેઠી શ્રાપ કૃષ્ણને; હે'જી યાદવોનો નાશ થાય!.....

વિજય તો નિશ્ચિત હતો; જેનો સારથિ કૃષ્ણ થાય,
ભલે નારયણીસેના કૌરવની;
હે'જી તોય પાંડવ વિજય થાય!....

ધર્મની આ લડાઈનાં; જોને ભણકારા આજે પણ સંભળાય,
અરે! કુરૂક્ષેત્રની એ ભૂમિનો;
હે'જી રંગ લાલ જ વરતાય!...


નવમાં ધોરણમાં ભણતી દાહોદની પ્રાચી ડામોર ખૂબ ખૂશખૂશાલ છે. કારણ કે, તેને ગરીબ કલ્યાણ મેળામાં સાયકલ મળી છે. હવે તેના ગામથી ત્રણ કિલોમીટર દૂર આવેલી શાળાએ સડસડાટ પહોંચી જશે. સરકારના આદિજાતિ વિકાસ વિભાગ તરફથી વિદ્યાર્થીઓને સાયકલ સહાય અંતર્ગત તેને આ સહાય મળી છે. આ સહાય ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમમાં મંચ ઉપરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે મળતા તેનો આનંદ બેવડાયો છે. પ્રાચી કહે છે કે, અગાઉ મને શાળાએ જવામાં તકલીફ પડતી હતી. પણ આ નવી સાયકલથી હું સડસડાટ શાળાએ પહોંચી જઈશ. રાજ્ય સરકારને આ માટે ધન્યવાદ આપું છું.

### ભારત દેશના તહેવારોમાં અનોખું સંગમ

## સોમવારની રાત્રે મેઅરાઝની રાત્રી અને મંગળવારની રાત્રે શિવરાત્રીની ઉજવણી કરાશે

દે.બારીયા,

ભારત દેશ વિભીન્ન પ્રદેશ અને ભીન્ન ભીન્ન ભાષા સમુદાયોનો સમાવેશ એટલે ભારતી ગણરાજય એટલે ભારત વર્ષ કહેવામાં આવે છે. ભારત દેશ ગંગા જમુના તેહજીબથી વખણાય છે. જે આ બન્ને મુખ્ય ધર્મોના તાજુ ઉદાહરણ એ છે. અલખાય છે. તેજ રાત્રી મુસ્લીમોના મહાન પેગમ્બર મોહમદ સાહેબને મેઅરાઝ આજ રાત્રીએ મેઅરાઝ થઈ એટલે અલ્લાનો સાક્ષાત્કાર (દર્શન) દીદાર થયો. મેઅરાઝનો મતલબ બુલન્દીઓ અર્સ એટલે સાતમાં આસમાન થી પણ ઉંચે અલ્લાહનો અસ્ક (આસન) છે. મેઅરાઝની રાત્રીમાં પોતાના ઉન્નતીઓ માટે નમાઝનો તોઅફો લઈને આવ્યા જે અલ્લાની બંદગી કરે છે. તેમજ આવતી કાલે એટલે મંગળવારની રાત્રીએ મહાશિવરાત્રીની ઉજવણી કરાશે આ દિવસે ભગવાન વિશ એક લીંગના રૂપમાં પ્રગય થયા હતા. અને બ્રહ્મા અને વિષ્ણુની પરીક્ષા લીધી હતી અને બીજી માન્યતા મુજબ આ દિવસે ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે ઉપવાસ કરવામાં આવે છે. અને પૂજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે મુખ્ય શિવ મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળે છે. આ તહેવારના સાથે ઘણી માન્યતાઓ પરંપરાઓ જોડાયેલી છે. આ દિવસે બિલના વૃક્ષના પાના અને દુધ- પાણી શિવલીંગ પર ચડાવવામાં આવે છે.

શબે મેઅરાઝની રાત્રે મુસ્લીમો પાસેની મસ્જીદોમાં વિશેષ નવાફીલ નમાઝ અદા કરતા હોય છે. તેમજ રાત્રીએ જાગરણ કરીને દિવસે ઉપવાસ કરતા હોય છે. આ અનોખું તહેવારોનું ઉદાહરણરૂપે સંગમ માત્રને માત્ર ભારત દેશમાં દેખવા મળતું હોય છે. બીજી અન્ય કોઈપણ દેશમાં તમને જોવા મળશે નહિ. આમ તો પવિત્ર રમઝાન માસ અને પવિત્ર શ્રાવણ માસ સાથે આવ્યા હતા. તે આગળ ચાર-પાંચ વર્ષ અગાઉ જોયા છે. જોગાનુંજોગ શબે મેઅરાઝની રાત અને શિવરાત્રીનો અનોખો સંગમ એક રાત્રીની આગળ પાછળ આવી છે. જે બન્ને મુખ્યકોમનો શ્રધ્ધાળુઓ અનોખી રીતે ઉજવણી કરી રહ્યા છે. તેનું જ નામ ગંગા જમના તેહજીબના લુહામણા નામે વખણાય છે.

## લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

દાહોદ,

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ના ઉપલક્ષમાં Gujcost દ્વારા સ્થાપિત અને દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત લિટલ ફ્લાવર સ્કૂલ ખાતે ના લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આજરોજ જિલ્લા લોક વિજ્ઞાન મંડળના સહયોગથી વિજ્ઞાન ને ધ્યાનમાં રાખીને વિજ્ઞાન લક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તે પૈકી સમગ્ર જિલ્લાના ઉત્કૃષ્ટ વિજ્ઞાન શિક્ષકોના સન્માન સમારંભનો પણ એક શુભ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં જિલ્લાના છ વિજ્ઞાન શિક્ષકો મહેશભાઈ પ્રજાપતિ, મોહનભાઈ ફળદુ, હરીશભાઈ ખાંટ, શેખ સિદ્દીક, નરેશભાઈ મકવાણા, દીપાબેન શર્મા ને સન્માનિત કરવા માં આવ્યા હતા આ કાર્યક્રમમાં દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ આદરણીય પંકજભાઈ શેઠ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ વિજ્ઞાન એક્સપર્ટની ભૂમિકામાં શુભ વક્તવ્ય પ્રદાન કર્યું હતું. સાથે સાથે જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન મંડળના મંત્રી કમલેશભાઈ લીમ્બાચીયા એ પણ શિક્ષકોનો આગવી કાર્યશાળા ઉભી કરવાની સુંદર રજૂઆત કરી હતી તથા કાર્યક્રમના બીજા ભાગમાં હાર્દિક ભણસાલી દ્વારા એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે નિબંધ સ્પર્ધાઓનું પણ આયોજન જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ હતું આ સમગ્ર કાર્યક્રમ અને શુભ દિન નિમિત્તે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કોર્ડીનેટર કૃતાર્થ જોશીએ સૌને વિજ્ઞાન તરફ અભિમુખ થવા માટેની અપીલ કરી હતી.

## દાહોદમાં વિધવા મહિલાના ખાતામાંથી મકાન સહાયના નાણાં બારોબાર ઉપાડી લેતાં દાહોદ તાલુકા કચેરીએ મહિલાએ રજુઆત કરી



દાહોદ,

દાહોદ તાલુકાના વિધવા મહિલાના ખાતા નંબર સાથે છેડછાડ કરી અન્ય વ્યક્તિએ નાણાં ઉપાડી લેતા મહિલાએ દાહોદ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી તપાસની માંગ કરી. દાહોદ જિલ્લો આદિવાસી બહુમૂલ્ય ધરાવતો જિલ્લો છે. દાહોદ જિલ્લામાં પછાત, ભોળા, અને શિક્ષણના અભાવે આદિવાસી પ્રજાને વારંવાર છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. દાહોદ જિલ્લાંમા ટ્રાયબલ એરિયાના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ યોજાના બહાર પાડવામાં આવી છે, પરંતુ દાહોદના આદિવાસીઓ સુધી આ લાભો પહોંચતાના નથી. દાહોદ જિલ્લામાં આગેવાનો તેમજ તંત્રની મીલી ભગત થી ગરીબો સુધી આ લાભો પહોંચતા નથી. એક એવો જ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. દાહોદ તાલુકાના ખેપરિયા ગામ વિધવા મહિલાને સરકારશ્રીની યોજના માંથી મકાન સહાય મળી હતી, પરંતુ અધિકારીઓ અને સરપંચ, તલાટીની મીલીભગતના લીધે મહિલાના ખાતામાં સહાયના રૂપિયા જમા થવાના બદલે અન્ય ખાતામાં જમા થતાં હોવાના આક્ષેપ સાથે મહિલા જણાવ્યું હતું કે, મને મળેલ મકાન સહાય યોજના અંતર્ગત પ્રથમ હપ્તો ૩૦૦૦૦/- અને બીજો હપ્તો ૫૦૦૦૦/- નો મને મળવા પાત્ર હતો, પરંતુ સરપંચ અને તલાટીની મીલીભગત થી મને મળવા પાત્ર સહાય અન્યના ખાતામાં નાખી દઈ બારોબાર ઉપાડી લીધા ન આક્ષેપ સાથે દાહોદ તાલુકાના તાલુકાના વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી યોગ્ય તપાસ કરી ન્યાયની માંગણી કરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.159

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબા વાડીનાથમાં આવેલ શ્રીજી બ્રિક્સમાં

# કેમિકલ વેસ્ટ અને બાળમજૂરોનો ખુલેઆમ ઉપયોગ કરતો માલિક સમશૂલ પઠાણ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના વાડીનાથ ખોડીયાર મંદિર જવાના રસ્તા ઉપર આવેલ શ્રીજી બ્રિક્સ નામના ભઠ્ઠા ઉપર બપોરના સમયે ધોમધખતા તડકામાં બાળકોને ગધ્ધા મજુરી કરાવી શોષણ કરતો સમશૂલ પઠાણ કેમિકલ વેસ્ટનો પણ કિંગ છે ભારત સરકારે બાળમજૂરી ના કાયદા કડક બનાવી દેશમાંથી બાળ મજુરી નાબૂદ કરવાની ઝુંબેશ ઉપાડી છે ત્યારે નાનપણમાં બાળકોને ભણવાને બદલે બાળમજૂરી કરાવતા સમશૂલ પઠાણ સામે ગુનો નોંધવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

વાડીનાથ ખાતે આવેલ શ્રીજી બ્રિક્સના માલિક દ્વારા પરપ્રાંતિય તેમજ સ્થાનિકોના બાળકો ને રૂપિયાની લાલચ આપી બાળ





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

- બાળ મજુરોથી કેમીકલ વેસ્ટ ઉઠાવી ભઠ્ઠામાં નખાવું કેટલું વ્યાજબી.
- વધુ પડતું વેતન ન આપવું પડે તે માટે ભઠ્ઠાના માલિકો બાળ મજુરોનો સહારો લેતો હોય છે.
- ભઠ્ઠામાં ઈંટો પકવવા કેમીકલ વેસ્ટનો ઉપયોગ કરતા ભઠ્ઠાના માલિકો.
- શું પંચમહાલ ખાણ-ખનિજ વિભાગ આ ભઠ્ઠાના માલિકો પર એકશન લેશે ખરા...?

મજૂરી કરવા પ્રોત્સાહિત કરતો હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે. ગરીબી રેખા હેઠળ જીવતા શ્રમજીવીઓને ખર્ચીના નામે વધારે રૂપિયા ધીરધાર કરી મજૂરોને પોતાના ગુલામ બનાવે છે. ત્યારબાદ તેમનું શોષણ કરી દેવું ચૂકતે કરવા વારંવાર હેરાન કરી તેમના બાળકોને પણ બાળ મજુર તરીકે ભઠ્ઠા ઉપર રાખી બાળકને ભણવાના બદલે બાળમજૂર બનાવે છે. આજરોજ સ્થાનિક મીડિયા કર્મીઓને ગ્રામજનો દ્વારા ફોન કરવામાં આવ્યો હતો. જેમાં શ્રીજી ભઠ્ઠા પર બાળકો પાસે તડકામાં માટી ભરાવવાનું તેમજ તેને તગારા વડે ઊંચકીને ઢગલો કરવાનું કામ તથા -ઈંટો બનાવવા માટે ગાળો તૈયાર કરવાનું કામ કરાવે છે. તેથી મીડિયાકર્મીઓ તાત્કાલિક પહોંચી તપાસ કરતાં બે બાળકો માટી ભરવા જતા તથા અન્ય બે પરપ્રાંતીય બાળકો ઈંટો બનાવવા માટે માટી ભીની કરતા કેમેરામાં ઝડપાયા હતા.

બાળમજૂરો સાથે આ ભઠ્ઠા પર કેમિકલ વેસ્ટનો ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહયો છે. સમશૂલ પઠાણ આ વિસ્તારમાં કેમિકલ વેસ્ટનો માફિયા ગણાય છે. હાલોલ જીઆઈડીસીની કંપનીઓનો ઝેરી કચરો તથા કેમિકલ વેસ્ટનો તે નિકાલ સમશૂલ પઠાણ પોતાના ભઠ્ઠામાં કરે છે. ચીમની માથી નીકળતા કાળા ધુમાડા ગ્રામજનોના આરોગ્ય માટે ખતરારૂપ છે. ગામમાં ચાલતી ચર્ચા મુજબ આ ધૂમાડો બીડી તથા સિગરેટ કરતા પણ ખરાબ દુર્ગંધ છોડે છે ત્યારે ગરીબોને ગુલામ બનાવી બાળકો પાસે પણ મજૂરી કરાવતો સમશુલ તેના ધીરેલા રૂપીયા વસુલ ના થાય ત્યાં સુધી મજુર ભઠ્ઠાની બહાર પગ મૂકી શકતો નથી. આવા કળયુગી રાવણ સામે તંત્ર કાયદેસરનો ગુનો નોંધી જેલભેગો કરાય તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

### ઈંટોના ભઠ્ઠામાં કેમીકલ વેસ્ટના ઉપયોગથી પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અજાણ ...?

ઘોઘંબાના વાડીનાથ ગામે શ્રીજી બ્રિકસમાં ઈંટો પકવવા માટે માલિક દ્વારા કોલસીનો ઉપયોગ ટાળીને કેમીકલ વેસ્ટ અને ઝેરી કચરા થી ઈંટો પકવી રહ્યા છે. જે માનવ આરોગ્ય માટે છે. તેમ છતાં આવા ઝેરી પ્રદુષણ અંગે પ્રદુષણ નિયંત્રણ વિભાગ અજાણ છે. આવા ઝેરી પ્રદુષણની જાણકારી છતાં કાર્યવાહી કરવાથી બચી રહ્યું છે.

### હાલોલ GIDC માંથી ઝેરી કચરો અને કેમીકલ વેસ્ટનો ભઠ્ઠામાં ઉપયોગ

ઘોઘંબાના વાડીનાથ ગામે આવેલ શ્રીજી બ્રિકસમાં કેમીકલ વેસ્ટનો ભરપુર ઉપયોગ કરવામાં આવે છે. હાલોલ જીઆઈડીસીની કંપનીઓના ઝેરી કચરો તથા કેમીકલ વેસ્ટનો નિકાલ સમશુબ પઠાણ પોતાના ઈંટોના ભઠ્ઠામા કરે છે. કેમીકલ વેસ્ટનો ઉપયોગ થતો હોવાથી ચીમની માંથી નિકળતો ઝેરી ધુમાડો ગ્રામજનોના આરોગ્ય માટે ધાતક છે.

### બાળકોને રૂપીયાની લાલચ આપી બાળ મજુરી તરફ વાળે છે

શ્રીજી બ્રિકસના માલિક દ્વારા પરપ્રાંતિય અને સ્થાનિકોના બાળકોને રૂપીયાની લાલચ આપી બાળ મજુરી કરવા પ્રોત્સાહિત કરતો હોવાની લોકબુમો ઉઠવા પામી છે. ગરીબ શ્રમજીવીંને ખર્ચીના નામે વધારે રૂપીયા ધીરીને મજુરોને ગુલામ જેવું શોષણ કરાય છે.

### ભણવાની ઉંમરે બાળકો તળકામાં તગારા વડે માટી ઉંચકે છે

શ્રીજી બ્રિકસ બાળકોને બાળ મજુર તરીકે બાળ મજુરી કરાવાઈ રહી છે. ભઠ્ઠા પર બાળકો પાસે માટી તગારા વડે ભરાવવાનુ તેમજ ઈંટો બનાવવાના ગાળો તૈયાર કરવામાં કામ કરવામાં આવી રહ્યું છે. એક તરફ દેશમાં બાળ મજુરીને અપરાધ ગણવામાં આવતો હોય છે. ત્યારે આ ઈંટોના ભઠ્ઠામાં ભણવાની ઉંમરે બાળ મજુરી કરતા બાળકો માટે તંત્ર ધ્યાન આપશે ખરું ?

# આરોગ્યમંત્રી નિમિષાબેન સુથારે ગોધરાનાં GBS અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

ગોધરા,

આરોગ્ય રાજયમંત્રી નિમિષાબેન સુથારે આજે ગોધરા ખાતે જીબીએસ (ગુલિયન બેરી સિન્ડ્રોમ)થી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈ આરોગ્ય વિભાગ દ્વારા કરાઈ રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી તેમજ ગોધરાનાં ધારાસભ્ય સી.કે.રાઉલજી સાથે આરોગ્યમંત્રીએ ગુલિયન બેરી સિન્ડ્રોમનાં કેસીસ જ્યાંથી મળી આવ્યા છે તેવા ગોધરાનાં પંચવટી સોસાયટી અને ભૂરાવાવ વિસ્તારની રૂબરૂ મુલાકાત લીધી હતી. મંત્રીએ જીબીએસથી સંક્રમિત થનારા બે બાળકોની તેમના ઘરે મુલાકાત લઈ તેમની રિકવરી, લક્ષણો, સારવાર સહિતની બાબતો અંગે સંવેદનાસભર પૂછપરછ કરીને ઝડપી સંપૂર્ણ રીકવરી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સ્થાનિક લોકો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે હાથ પગમાં નબળાઈ સાથેનાં જીબીએસનાં લક્ષણો જો દેખાય તો વિના વિલંબે સ્થાનિક આગેવાનોની મદદથી આરોગ્ય



વિભાગનો સંપર્ક કરવો તેમજ તબીબી સલાહ-સારવાર લેવી જોઈએ. આ રોગથી ગભરાવવાની કોઈ જરૂર નથી પરંતુ ઓછી ઈમ્યુનિટી ધરાવતા લોકોને અને બાળકોને આ રોગ વધુ અસર કરતો હોવાથી કાળજી રાખવી અતિ આવશ્યક છે તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ, ક્લોરીનેશન સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. મંત્રીએ જણાવ્યું કે આ રોગની મોંઘી સારવારને જોતા સરકાર દ્વારા એસ.એસ.જી અને ગૌત્રી હોસ્પિટલ ખાતે તેની વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ રોગનાં ફેલાવાનું કારણ સ્પષ્ટ નથી ત્યારે તેમણે સ્થાનિકોને ડર્યા વગર જરૂરી સાવચેતી રાખવા અને આરોગ્ય વિભાગને સહયોગ આપવાની અપીલ કરતા જણાવ્યું કે, આરોગ્ય વિભાગ જીબીએસ સામે સંપૂર્ણ રીતે સજ્જ છે અને વધુ ફેલાવો થવાની સ્થિતિમાં સ્થાનિકોને ધ્યાનમાં રાખીને સિવિલ હોસ્પિટલ, ગોધરા ખાતે તેની સારવાર ઉપલબ્ધ કરાવવાની દિશામાં આયોજન વિચારી રહી છે. તેમણે સ્થાનિક આગેવાનોને સ્થાનિકો સાથે સંકલન કરી આરોગ્યલક્ષી કામગીરી નિયમિત રીતે થાય, લોકોમાં આ રોગનાં લક્ષણો પ્રત્યે જાગરૂકતા આવે, લક્ષણો દેખાવાની સ્થિતિમાં તેઓ નિઃસંકોચપણે આગળ આવે તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું. મંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સ સઘન બનાવવા, લક્ષણોવાળા દર્દીઓ બને તેટલી વહેલી તકે ડિટેક્ટ થાય અને સારવાર ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા, તેમજ બેકટોરોલજીકલ પરીક્ષણ માટે પાણીનાં નમૂના લેવા સાથે ક્લોરીનેશનની કામગીરી અસરકારક રીતે પાર પાડવા તેમણે આરોગ્ય અધિકારીઓને સૂચના આપી હતી. ઉલ્લેખનીય છે કે ગોધરા શહેરમાં છેલ્લા ૧૦ દિવસમાં ગુલિયન બારી સિન્ડ્રોમનાં કુલ ૧૫ કેસો મળી આવ્યા છે. આ ૧૫ પૈકી ૯ દર્દીઓ સારવાર હેઠળ છે, ૫ દર્દીઓને સારવાર બાદ ડિસ્ચાર્જ કરી દેવાયા છે, જ્યારે ૧ બાળ દર્દીનું આ રોગનાં પગલે અવસાન થયું છે.

# પંચમહાલ જીલ્લામાં દારૂની હેરાફેરી કરી હોમડીલીવરી કરતાં બુટલેગરો પાછળ હાથ કોનો...?

કાલોલ,

ગાંધીના ગુજરાત નશાબંધી હોવા છતાં ગુજરાતમાં બેફામ વિદેશી ઈંગ્લીશ દારૂના જથ્થાઓ ગુજરાતમાં પોલીસને પડકાર ફેંકી રહ્યા છે. પંચમહાલ જીલલામાં બુટલેગરોએ માજા મુકી ખુલ્લેઆમ નંબર વગરના વાહનો પર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમા વિદેશી દારૂની હેરાફેરી કરતાં હોય છે. જોકે, પંચમહાલ જીલ્લાના ઘોઘંબા, હાલોલ, કાલોલ, જાંબુઘોડા જેવા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બેફામ દારૂનો વેપલો કરી બુટલેગરો મોજશોખ કરતા હોય છે. જોકે, બિલાડીના ટોપની માફક ફુટી નિકળેલા બુટલેગરો હવે ઈંગ્લીશ, કવાટર દારૂ, બીયર તેમજ અન્ય બ્રાન્ડના દારૂનું વેચાણ કરવા અને પોલીસની પકડથી દુર રહેવા માટે નંબર વગર પ્લેટ વગરના વાહનો તેમજ એકટીવા જેવા નાના ટુવ્હીલર વાહનોમાં દારૂની બોટલો લઈ હોમ ડીલેવરી આપવા નિકળી જતા હોય છે. જોકે, આવી બુટલેગરોની હાકલ સામે ટ્રાફિક પોલીસ સામે પણ સળગતા સવાલો ઉપસ્થિત થાય છે. જોકે, પંચમહાલ જીલ્લામાં ટ્રાફિક પોલીસ પણ માસ્ક, હેલમેટ, લાયસન્સ જેવી પ્રક્રિયાઓમાં તપાસ કરવા માટે વાહન ચાલકોને રોકી ગેરકાયદેસર ઠેરવી દંડની રકમ વસુલ કરતા હોય છે. જ્યારે તાલુકાના ગ્રામ અને શહેરી વિસ્તારોમાં ચેકપોસ્ટ તેમજ ટ્રાફિક પોઈન્ટ ઉપર ઉભેલ પોલીસ સામેથી જ બુટલેગરો દ્વારા નંબર વગરના વાહનો લઈ જઈને વાહનની અંદર વિદેશી ઈંગ્લીશ બોટલો લઈ હોમ ડીલવરી કરવા નિકળી જતા હોય છે. પરંતુ આવા બુટલેગરો સામે પોલીસની આંખ મિચોલી હોય તેવી લોક ચર્ચાઓ સંભળાય રહે છે. પરંતુ પોલીસ નહીંવત કામગીરીઓ કરી ટાર્ગેટના પ્રોહીબીશનના કેસો કરી સરકારી ચોપડાઓ અને અખબારોમાં વાહવાહી કરતા હોય છે. પરંત આવા ફુગાવાની જેમ ખદખદી રહેલા બુટલેગરો બેફામ દારૂનો વ્યાપાર કરવામાં પોલીસનો પણ ડર રાખ્યા વગર નંબર વગરના વાહનોમાં ખુલ્લેઆમ વિદેશી દારૂનો વેપાર કરતા હોય છે અને દારૂના કેસોમાં તરીકે પોલીસ સ્ટેશનમાં ચિતરાય ગયેલા છે. તેમ છતાં બુટલેગરો ખુલ્લેઆમ પોતાના વિસ્તારોમાં ફરતા હોય છે. જેના પગલે પોલીસ સામે તેમજ જીલ્લા પોલીસવડા સામે પણ સળગતા સવાલો ઉપસ્થિત થાય છે. તદ્દઉપરાંત હવે મોટાભાગની ગ્રામ પંચાયતોમાં પણ બુટલેગર સરપંચો તરીકે ચુંટાઈ આવ્યા છે. જે પોલીસના ચોપડે દારૂના વેપાર કરવાની ગેરરીતિઓમાં અવારનવાર ઝડપાયા હોય પરંતુ હાલ તે સરપંચ તરીકે પોલીસ સામે જ બેસી વાતચીત કરતાં હોય છે. જેથી ગાંધીના ગુજરાતમાં હવે બુટલેગરોનું રાજ...!

## કાલોલના બોરૂ ગામે નિંદ્રાધીન પરિવારને મારક હથિયારો થી બંધક બનાવી ૨.૩૬ લાખની લુંટ ચલાવી લુંટારૂ ફરાર

ગોધરા,

કાલોલ તાલુકાના બોરૂ ગામે ઘરમાં નિંદ્રાધીન પરીવારને તલવાર અને લાકડા સાથે આવેલ લુંટારૂ ટોળકીએ બંધક બનાવી ઘર માંથી ૧.૭૧ લાખની રોકડ તેમજ ૭૦ હજારના દાગીનાની લુંટ ચલાવી ફરાર થયા આ બાબતે કાલોલ પોલીસને જાણ કરતાં કાલોલ પોલીસ, એલ.સી.બી. પોલીસ તેમજ એફએસએલની ટીમો ઘટના સથળે પહોંચી લુંટારૂઓનું પગેરું મેળવવાની તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના બોરૂ ગામે રહેતા રાજેન્દ્ર ઉર્ફે રાજેન્દ્ર બુધાભાઇ ભોઈના ઘરે રાત્રી ૧.૩૦ થી ૩.૦૦ વાગ્યા દરમિયાન લાકડા અને તલવાર જેવા હથિયારો લઈ આવી લુંટારૂઓએ ઘરની સાઈડમાં દિવાલ ઉપર લાકડાની સીડી ટેકવી ઉપર ચડી દાદર મારફતે ઘરમાં ઘુસી ગયા હતા અને નિંદ્રાધીન રાજુભાઇ ભોઈની છાતી ઉપર તલવાર મુકી ધમકાવી તેમજ ઘરના અન્ય પરીવારને લાકડા અને તલવારથી મારી નાખવાની ધમકી આપી બંધક બનાવ્યો હતો અને ફરિયાદીના હાથે પહેરેલ ચાંદીનું કડુ લીધું હતું અને લુંટારૂ ટોળકીને તિજોરીમાં લોકરમાં રાખેલ રોકડા ૧,૭૧,૦૦૦/-રૂપીયા સોના-ચાંદીના દાગીનામાં અછોડો કિંમત ૧,૫૦,૦૦૦/-રૂપીયા, સવા તોલાનો અછોડો ૧૦,૦૦૦/-, સોનાની લોકીટ રૂ.૨૦,૦૦૦/-, ચાંદીની ઝાંઝરી બે નંગ કિંમત ૧૦,૦૦૦/-, સોનાની બુટ્ટી નંગ-એક ૫,૦૦૦/-રૂપીયા મળી કુલ ૨,૩૬,૦૦૦/- રૂપીયાના મુદ્દામાલની લુંટ કરી ફરાર થઇ ગયા હતા. લુંટારૂઓ લુંટ ચલાવવાની ઘટના અંગે કાલોલ પોલીસ મથકે રાજેન્દ્રભાઈ ભોઇ દ્વારા ફરીયાદ કરતાં કાલોલ પોલીસ, એલ.સી.બી. પોલીસ અને એફએસએલ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને લુંટારૂ ટોળકીનું પગેરું મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### લુંટારૂ ટોળકીએ પરિવારને બંધક બનાવી લુંટ કરતા પોલીસ ટીમો ઘટના સ્થળે દોડી આવી

## વેજલપુર એકલવ્ય મોડેલ સ્કુલ ખાતે ગીત ગઝલ લેખન પ્રશિક્ષણ શિબિર યોજાઇ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુરની એકલવ્ય રેસીડિન્સીયલ મોડેલ સ્કૂલ ખાતે કુમાર આર્ટ ફાઉન્ડેશન અને સંસ્કાર ભારતીના સયુક્ત ઉપક્રમે એક દિવસીય ગીત-ગઝલ લેખન પ્રશિક્ષણ શિબિર યોજાઇ ગઇ. તાજેતરમાં યોજાયેલી શિબિરનું ઉદઘાટન એસ.પી.યુનિવર્સિટી વિદ્યાનગરના વિખ્યાત સાહિત્યકાર ભગીરથભાઈ બ્રહ્મભટ્ટ, બાગાયત કેન્દ્રના ડો કનકલતાબેન, શાળાનાં આચાર્ય ભદ્રેશભાઈ સુથારે દીપ પ્રાગટ્ય કરીને કર્યું. અધ્યક્ષ સ્થાનેથી ભગીરથભાઈ બ્રહ્મભટ્ટે ગીત વિશે ખૂબ જ સુંદર માહિતી આપીને ગીતનો ઉઘાડ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગઝલ વિશે ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના કો-ઓર્ડીનેટર સર્વ ડો જે એન શાસ્ત્રી, શિક્ષક મોહસીન મીર, સીંગવડ કોલેજના સંસ્કૃત વિભાગમાં ડો મહેશ પટેલે પણ ગઝલના બંધારણ વિશે અને ગઝલ લેખન વિશેની સુંદર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વેજલપુર એકલવ્ય રેસીડિન્સીયલ મોડેલ સ્કૂલના આચાર્ય ભદ્રેશભાઈ સુથાર તથા બાગાયત કેન્દ્ર વેજલપુરના વડા કનકલતાબેન વર્મા પણ હાજર રહ્યા હતા આશીર્વચન આપ્યા હતા. આ પ્રસંગે લુણાવાડા સાહિત્ય સભાના સંયોજક નરેન્દ્રભાઈ જોશીએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પ્રશિક્ષણાર્થીઓ, શિક્ષકો, શોધાર્થીઓ અને ગઝલના રસિકોએ પ્રશિક્ષણ મેળવ્યું હતું. ઉદઘાટન બેઠકનું સંચાલન રાયસિંગપુરા પ્રાથમિક શાળાના શિક્ષક અને કવિ મહેન્દ્રકુમાર પરમારે કર્યું હતું. કાર્યક્રમમાં વેજલપુરની રેસિડેન્સીયલ મોડેલ સ્કૂલના સંગીત શિક્ષક ગોપાલભાઈ પટેલ, શાળાના આચાર્યઓ તેમજ સ્ટાફ તેમજ બાળકોનો ખૂબ જ સહયોગ સાંપડ્યો હતો. આ શિબિરમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના જે.એન શાસ્ત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતી ગઝલમાં સારૂં લેખન થાય અને વધુ ગઝલ અને ગીતના રચયિતા તૈયાર થાય તે માટેનો આ એક પ્રયાસ કરવામાં આવ્યો છે તે ખૂબ જ સફળ રહ્યો છે.

### પંચમહાલના શહેરાના પ્રાચીન અને સ્વયંભુ

## મરડેશ્વર મહાદેવના દર્શનનું શિવરાત્રીના પર્વએ વિશેષ મહત્વ રહેલું છે : ચમત્કારિક શિવલીંગ સ્વંય શંકર ભગવાનની પ્રતિતી કરાવે છે

શહેરા,

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં શિવરાત્રી પર્વની મહાદેવના મંદિર ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે જ્યારે પાલીખંડા હાઈવે માર્ગને અડીને આવેલ મરડેશ્વર મહાદેવનું મંદિર ભગવાન શિવનું પ્રાચીન અને સ્વયંભુ આઠ ફૂટનું વિશાળ લિંગ ધરાવે છે. આ ભવ્ય શિવલિંગ મરડિયા પથ્થર માંથી બનેલું હોઈ તે મરડેશ્વર તરીકે ઓળખાય છે. લિંગ માંથી સ્વયંભુ અવિરત સતત ગંગાજળ વહ્યા કરે છે. પ્રતિવર્ષ આ લિંગ ચોખાના દાણા જેટલું શિવરાત્રીની રાત્રી એ વધતું હોવાની પણ માન્યતા હોવા સાથે શિવરાત્રિના દિવસે શિવ ભક્તો અહી મહાદેવ ના દર્શન કરી ધન્યતા અનુભવતા હોય છે.

દેશભરમાં ૧૨ પ્રસિદ્ધ જર્યોતિલીંગ આવેલા છે. પરંતુ પંચમહાલનાં ગોધરા લુણાવાડા હાઈવે માર્ગ પર પાલીખંડા ખાતે હાઈવે માર્ગને અડીને આવેલ મરડેશ્વર મહાદેવ સ્વંયભૂ શિવલીંગનુ ખાસ મહત્વ અહી રહેલું છે આ મરડેશ્વર મહાદેવનું સ્વયંભુ શિવલિંગ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પ્રતિવર્ષ શિવરાત્રી ની રાત્રી એ ચોખાના દાણા જેટલું વિકાસ પામી રહ્યું છે. ઓમની પ્રતિકૃતિ સતત ગંગાજળનું વહેણ (જલાધારિ) ધરાવતું અને ૮ ફૂટ ઉંચાઇ અને ૮ ફૂટ પહોળા અને રૂદ્રાક્ષ જેવી ભાત ધરાવતુ આ એક માત્ર શિવલીંગ છે. વિવિધ મહાત્મ્ય વચ્ચે શહેરાના પાલીખંડા સ્થિત મરડેશ્વર મહાદેવ સ્વંયભૂ શિવલીંગ અનેરો મહિમા ધરાવે છે. ચાર યુગના ચાર ખંડ (ભાગો)માં વહેંચાયેલું સ્વંયભૂ શિવલીંગ હાલમાં કળીયુગના ભાગ (ખંડ)માં વિકસીત થઈ રહ્યું છે. જેનો વિકાસ પૂર્ણ થઈ મંદિરની છત સુધી પહોંચશે ત્યારે પુનઃ સત યુગનો પ્રારંભ થશે એવી લોકવાયકાઓ પણ જોડાયેલી છે. વિવિધ લોકવાયકા અને વાસ્તવિકતાઓ વચ્ચે આ ચમત્કારિક શિવલીંગ સ્વંય શંકર ભગવાનની પ્રતિતી કરાવે છે.સ્વયંભુ પ્રાચીન શિવલિંગ હોઈ અહી પ્રાર્થના અને દર્શન કરવાથી સર્વ મનોકામના મહાદેવની કૃપા થી પૂર્ણ થતી હોવાનુ ઘણા ભક્તો ને અનુભવ છે. શિવરાત્રીના દિવસે અહી દુર દુર થી શ્રદ્ધાળુ ઓ આવી દેવાધી દેવ મહાદેવ ના ભવ્ય શિવલિંગ ના દર્શન કરી ભવ્યતા અને પરમ શાંતિનો અનુભવ કરે છે.શિવરાત્રી એ અહી ભવ્ય મેળો પણ ભરાશે તેવી શક્યતા સાથે આ મેળામાં સ્થાનિક જીલ્લા સહિત દુર દુર થી મેળો માળવા માટે આવનાર છે.શિવરાત્રીમાં દર્શન નો વિશેષ મહિમા રહેલો છે સ્વયંભુ પ્રાચીન શિવલિંગ હોઈ અહી દર્શન કરવાથી જ્યોતિર્લીંગ ના દર્શન જેટલું જ પુણ્ય મળતું હોઈ દર્શનાર્થીઓ દર્શન કરી પુણ્ય પ્રાપ્ત કરે છે ચમત્કારિક શિવલીંગ સ્વંય શંકર ભગવાનની પ્રતિતી કરાવે છે. શિવરાત્રી પર્વના દિવસે પૌરાણિક મરડેશ્વર મહાદેવ સહિત જિલ્લામાં આવેલ તમામ શિવાલયો વહેલી સવારથી જ હર હર મહાદેવના નાંદ થી ગુંજી ઉઠશે સાથે મહાદેવ ના ભક્તો દેવાધિદેવ ભોળાનાથની ભક્તિમાં લીન થઇ જનાર છે.